Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૭૨
તા.૧૮-૦૪-૨૦૧૮, બુધવાર
સંવત ૨૦૭૪ વૈશાખ સુદ - ૦૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૮ સૂર્યાસ્ત : ૦૭:૦૧

તાપમાન
ડીસા ૩૯.૯
અમદાવાદ ૪૦.૨
ગાંધીનગર ૪૦.૦
વડોદરા ૪૦.૬
સુરત ૪૦.૫
નલિયા ૩૮.૦

ચાંદી : ૩૯,૩૦૦ સોનું : ૩૧,૮૦૦

રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

મોદીએ બેંકિંગ સિસ્ટમને ખતમ કરી : રાહુલ

દેશમાં રોકડ કટોકટી અંગે રાહુલના પ્રહારો : ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ અમારા ખિસ્સામાંથી કાઢીને નિરવ મોદીના ખિસ્સામાં મોદીએ નાંખી દીધી છે

નવીદિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ દેશના કેટલાક રાજ્યોમાં ચાલી રહેલી રોકડ કટોકટીને લઈને આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પ્રહારો કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, મોદીએ દેશના બેંકિંગ સિસ્ટમને બરબાદ કરી દેવામાં ભૂમિકા ભજવી છે. રાહુલે કહ્યું હતું કે, વડાપ્રધાને અમારા ખિસ્સામાંથી ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ કાઢી લીધી છે અને નિરવ મોદીના ખિસ્સામાં નાંખી દીધી છે. રાહુલે બેંકિંગ કૌભાંડ ઉપરાંત રાફેલ મામલાને લઈને પણ કેન્દ્ર ઉપર પ્રહાર કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, આ બંને મામલા પર તેમને સંસદમાં ૧૫ મિનિટ બોલવાની તક આપવામાં આવે તો મોદી ગૃહમાં ઉભા થઈ શકશે નહીં. ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, તેલંગાણા સહિત કેટલાક રાજ્યોમાં કેશ કરન્સીની કટોકટી જોવા મળી રહી છે. આ સંબંધમાં નાણામંત્રી અરુણ જેટલી દ્વારા પણ નિવેદન કરવામાં આવી ચુક્યું છે. જેટલીએ કહ્યું છે કે, દેશમાં જરૂર કરતા વધારે નોટ સરક્યુલેશનમાં છે પરંતુ કેટલાક રાજ્યોમાં અભૂતપૂર્વરીતે નોટની માંગ વધી છે.

રાહુલ ગાંધીએ આ મુદ્દાને લઈને કેન્દ્ર સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. રાયબરેલી-અમેઠીના પ્રવાસે પહોંચેલા રાહુલે કહ્યું હતું કે, મોદી સરકારે બેંકિંગ વ્યવસ્થાને બરબાદ કરી દીધી છે. પીએનબી સ્કેમના સંદર્ભમાં નિરવ મોદીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, નિરવ મોદી ૩૦ હજાર કરોડ રૂપિયા લઈને ભાગી ગયા છે પરંતુ મોદીએ કોઈ વાત કરી નથી. અમને લાઈનોમાં ઉભા રહેવાની ફરજ પાડી હતી. અમારા ખિસ્સામાંથી ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ લઈને નિરવ મોદીના ખિસ્સામાં નાંખી દેવામાં આવી છે. રાહુલે આક્ષેપ કરતા કહ્યું હતું કે, રાફેલ સોદામાં પણ મોટાપાયે અનિયમિતતા થઈ છે. આ વિષય ઉપર તેમને ૧૫ મિનિટ બોલવાની તક અપાશે તો મોદી ગૃહમાં ઉભા રહી શકશે નહીં. બીજી બાજુ કેન્દ્રીય નાણામંત્રી શિવ પ્રસાદે કહ્યું છે કે, નોટની કટોકટીને દૂર કરી લેવામાં આવી છે.

પોલીસ તંત્રની પરિણામલક્ષી કામગીરી બાદ છેવટે મૃતકના અગ્નિ સંસ્કાર

મોટી ભાખર હત્યા કેસ : ગણતરીના કલાકોમાં જ ત્રણ આરોપીઓ ઝબ્બે

દાંતીવાડા

બનાસકાંઠાના દાંતીવાડા તાલુકાના મોટી ભાખર ગામે સોમવારે સાંજે ઈશ્વરભાઈ રબારી નામના યુવકની ક્રુર હત્યા થતા સર્જાયેલા ઉહાપોહ વચ્ચે જિલ્લા પોલીસ અધિક્ષકે આરોપીઓને ઝડપી લેવા એલ.સી.બી,એસ.ઓ.જી,

પેરોલ ફર્લો અને દાંતીવાડા પોલીસની અલગ અલગ ટીમોને કામે લગાડી ગણતરીના કલાકોમાં જ આ ખૂન કેશના આરોપીઓને ઝડપી લઈ જેલના હવાલે કરી દીધા છે.

ચકચારી ભાખર હત્યાકેશમાં જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાથી ડીસાના નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ કામે લાગેલી પોલીસની ટીમોએ મોટી ભાખર ગામના જ અમરતસિંહ જામંતસિંહ વાઘેલા, દિલીપ સિંહ લક્ષ્મણસિંહ વાઘેલા અને ભગતસિંહ કેદારસિંહ વાઘેલાને ગણતરીના કલાકોમાં જ દબોચી લઈ જેલના હવાલે કરી દેતા મૃતકના પરિવારજનોએ પણ લાશનો કબ્જો લઈ અંતિમ સંસ્કારની કાર્યવાહી હાથ ધરી હતી. આ કામગીરી કેસની ઝડપી અને પરિણામલક્ષી તપાસ કામગીરીમાં એલ.સી.બી.ના ઈન્ચાર્જ પો.ઈન્સ. જિતેન્દ્રસિંહ સિંધવ, તથા પીએસઆઈ નયનસિંહ પરમાર તેમજ એલસીબી સ્ટાફના નરેશભાઈ, કુલદીપ સિંહ, મહેશભાઈ, મિલનદાસ,

ભરત,પ્રકાશ,નિકુલસિંહ, ધેગાંજી તેમજ એસ.ઓ.જી. સ્ટાફ અને પેરોલ ફર્લો સ્ક્વોડના

અનુસંધાન પાના નં.૬

અન્યત્ર જમીન ફાળવવા પીડિત પરિવારની માંગ

સામાન્ય બોલાચાલીની અદાવતમાં મોટી ભાખર ગામના દરબાર ઈસમોએ રબારી પરિવારના આશાસ્પદ યુવકનું ઢીમ ઢાળી દેતાં ફફડી ઉઠેલા રબારી પરિવારે હવે તેમના માટે આ ગામમાં સ્થાયી વસવાટ જોખમી હોવાનો દાવો કરી અન્યત્ર સલામત સ્થળે વસવાટ માટે જમીનની ફાળવણી કરવાની માંગ કરી હોવાનું મૃતકના ભાઈ નરેશભાઈ મણાભાઈ રબારીએ જણાવ્યું હતું. હવે આ માંગણી સંદર્ભે તંત્ર કેવું વલણ અપનાવે છે તે જોવું રહ્યું....!

વડાવળ નજીક માલગાડીના અડફેટે પાંચ ગાયો મોતને ભેટી : ૪ ગાયો ઈજાગ્રસ્ત

ફેન્સીગવાડના અભાવે ત્રણ બનાવમાં પંદર થી વધુ ગાયો મોત

નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના વડાવળ ગામ નજીક મંગળવારના વહેલી સવારે ૩ વાગ્યાની આસપાસ રેલ્વે લાઈન પર માલગાડીના અડફેટમાં આવતા ૫ પશુઓના કમકમાટી ભર્યા મોત થયા હતા જયારે ૪ પશુઓ ઈજાગ્રસ્ત બન્યા હતા. આ બનાવની વહેલી સવારે જીવદયા પ્રેમીઓને જાણ થતા ઘટના સ્થળે જઈ ઈજાગ્રસ્ત પશુઓ તાત્કાલીક સારવાર માટે લોરવાડા વેટરનરી ડો.ધનરાજભાઈ ને બોલાવી પ્રાથમીક સારવાર કરી એમ્બ્યુલન્સ દ્વારા વધુ સારવાર માટે ગૌશાળામાં મોકલવામાં આવ્યા હતા.

આ અંગેની મળતી વિગતો પ્રમાણે વહેલી સવારે ૩ કલાકે લોરવાડાથી ડીસા તરફ જઈ રહેલ માલગાડીના અડફેટમાં નવ જેટલા પશુઓ આવ્યા હતા. બીજી રેલ્વે લાઈનનું

અનુસંધાન પાના નં.૬

રેલ્વે લાઈન પર ફેન્સિંગ વાડના કારણે પશુઓ મોતને ભેટે છે

પાલનપુર - ગાંધીધામ રેલ્વેની ડબલ લાઈનનું કામકાજ ચાલી રહ્યુ છે. ત્યારે કોન્ટ્રાકટર દ્વારા રેલ્વેની સેફટી માટે એક બાજુ સાઈડમાં સિમેન્ટના થાંભલા નાંખી ફેન્સીંગ વાડ બનાવવામાં આવી છે જેથી રેલ્વે લાઈન પર ચડેલ પશુ માલગાડીને આવતા ભાગદોડ થતા અડફેટમાં આવી જતાં ૫ પશુઓ મોતને ભેટ્યા હતા. જ્યારે ચાર ઈજાગ્રસ્ત બન્યા હતા આ અગાઉ પણ ફેન્સીંગ વાડના કારણે અનેક પશુઓએ જીવ ગુમાવ્યો છે.

સભ્યોની જીદ સામે પ્રમુખ ઘુંટણીએ પડ્યા

ભાભર નગરપાલિકા પ્રમુખનું રાજીનામું

ગેરરીતીના મુદ્દે ૧૯ સભ્યોએ સામુહીક રાજીનામા ધરી દીધા હતા : નવા પ્રમુખની ચર્ચા

વનરાજસિંહ રાઠોડ

તા પ્રતિ. ભાભર

ભાભર નગરપાલિકા પ્રમુખ સામે ૧૯ સભ્યોએ ગેરરીતીના મુદ્દે વિરોધ દર્શાવી સામુહીક રાજીનામા ધરી દેતાં ખળભળાટ વ્યાપી ગયો હતો. જો કે બીજી તરફ પ્રમુખ રજા ઉપર ઉતર્યા બાદ પ્રમુખ પદેથી રાજીનામું આપી દેતાં રાજકીય ભૂકંપ સર્જાયો છે.

ભાભર પાલિકાના પ્રમુખ સામે ખુદ તેમના જ ભાજપના સાથી સભ્યોએ ગેરરીતીનો મુદ્દો ઉછાળતા રાજકીય ધમાસણ મંડાયુ હતુ, ૧૯ સભ્યોએ પ્રમુખ વૈકુંલરામને પ્રમુખ પદેથી રાજીનામું અપાવવા મેદાને આવી જતાં ખળભળાટ મચી ગયો હતો. જો કે પ્રમુખે વિરોધ શાંત પાડવા માટે એક મહિનાની રજા ઉપર ઉતરીને પ્રમુખનો ચાર્જ ઉપપ્રમુખ ગમબા રાઠોડને આપવાનું કહેતા ઉપપ્રમુખે લેખિતમાં ચાર્જ ન લેવા અને રજા ઉપર ઉતરી જતાં ભાભર પાલિકાના પ્રમુખનો મુદો ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો.

ભાભર પાલિકા પ્રમુખ વૈકુંઠરામ આચાર્ય ૧૯ સભ્યોની જીદ સામે આખરે ગઈકાલે ભાભર પાલિકા પ્રમુખ પદેથી પાર્ટીને રાજીનામુ આપી દીધુ છે, છેલ્લા કેટલાક દિવસોથી સભ્યો અને પાર્ટી પ્રમુખને રાજીનામુ આપવા કહી રહ્યા હતા છતાં તેઓ પ્રમુખ તરીકે અઢી વર્ષની ટર્મ પુરી કરવાના સ્વપ્ના જોતા હતા. અને ગેરરીતીના મુદ્દે પ્રમુખનો વિરોધ કરતા સભ્યોને તેઓનો વટ સાથે પ્રમુખ તરીકે અઢી વર્ષ પુરા કરીશ તેવી બડાસ આજે ચકનાચુર થઈ ગઈ છે. હવે નવા પ્રમુખ તરીકે ચાર્જ અપાય છે. કે નવા પ્રમુખની પસંદગી થાય તે ચર્ચાઓ થઈ રહી છે. ભાભર પાલિકાના ૧૯ સભ્યોની શક્તિએ પ્રમુખને ઘૂંટણીએ પડતા સભ્યો ગેલમાં આવી ગયા છે.

ધાનેરાના માલોત્રા ગામ પાસે ટ્રોલી પાછળ બાઈક ઘુસી જતાં એકનુ મોત

એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાના માલોત્રા ગામ પાસે મંગળવારે બપોરના સુમારે ટ્રેકટરની ટ્રોલીની પાછળ બાઈક સવારે પુર ઝડપે ઘુસાડી દેતા એક નુ મોત નિપજ્યુ હતુ. જ્યારે એકની હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે પાલનપુર ખસેડવામાં આવ્યા હતા. જે અંગેની ફરીયાદ ધાનેરા પોલિસ મથકે નાંધાઈ હતી.

ધાનેરા તાલુકામાં અકસ્માત નો સિલસિલો વધી રહ્યો છે. સોમવારે લકઝરી બસે બાઈક ને અડફેટે લેતા એક ઈસમનુ મોત નિપજ્યુ હતુ અને એકની હાલત ગંભીર છે. જ્યારે મંગળવારે પણ માલોત્રા ગામના વળાંકમાં ટ્રેકટર ટ્રોલી સાથે જઈ રહ્યુ હતુ ત્યારે ધાનેરાના રાજપુરોહીત ના બે યુવાનો બાઈક લઈને ટ્રોલીની પાછળ ઘુસી જતાં ગ્વખ્માર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક યુવકનુ ઘટના સ્થળેજ મોત નિપજ્યુ હતુ. જેથી લોકોએ ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ ની ટીમ તાત્કાલીક ઘટના સ્થળે પહાંચી હતી અને તાત્કાલીક ઘાયલ ને લઈને ધાનેરાની સરકારી હોસ્પીટલ માં લવાયો હતો. જેથી ફરજ પરના ડોકટર દ્વારા પ્રાથમિક સારવાર કરીને વધુ સારવાર માટે પાલનપુર ખાતે રીફર કરવામાં આવ્યા હતા. જેમાં પહાડસિહ હબતાજી રાજપુરોહિત ઉ.વર્ષ-૪૫ રહે ધાનેરા વાળાનુ મોત નિપજ્યુ હતુ. જ્યારે મંગળાજી પરખાજી રાજપુરોહિત ઉ.વર્ષ-૪૦ રહે. ધાનેરા વાળાને સારવાર માટે પાલનપુર ખાતે રીફર કરવામાં આવ્યા હતા. જે અંગેની ફરીયાદ ધાનેરા પોલિસ મથકે નાંધાતા પોલિસની કાર્યવાહી પછી લાસનુ પોસ્ટમોટમ કરીને તેના વાલીવારસાને સુપરત કરી હતી.

લાઇટ ફિટીગ માટે જતાં અકસ્માત નડ્યો

મરણ જનાર પહાડસિહ પુરોહિત લાઈટ ફિટીગનો ધંધો કરતા હતા જેથી તેઓ જાડી તરફ લાઈટ ફિટીગ કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે બાઈક કાબુમાં ન રહેતા આગળ જતા ટ્રેકટરની ટ્રોલી નિચે ઘુસી ગયુ હતુ.

વિચાર વૈભવ...

લાલ ગુલાબ

વિશ્વના શ્રેષ્ઠ ચિંતકોમાં જેમનું નામ અગ્રેસર ગણાય છે, તેવા એક મહાન ચિંતક... નામ એનું સ્વેટ માર્ડન..

જ્યારે તેની ઉંમર વીસ વરસની હતી. ત્યારની એક વાત છે. સ્વેટ માર્ડન યુવાનીના પ્રભાવે એક છોકરીના પ્રેમમાં પડ્યા. ત્રણ વરસ સુધી આ પ્રેમ- પ્રવાહ વહેતો રહ્યો.

એક દિવસ તેને સમાચાર મળ્યા કે તે જે છોકરી સાથે પ્રેમ કરતો હતો, તે છોકરી કોઈક બીજા યુવાનને પરણી ગઈ.

આ સમાચારે સ્વેટમાર્ડનને હતાશ કરી દીધો. અંદરથી તેને તોડી નાંખ્યો. એની ઊંઘ ઊડી ગઈ. ખાવા- પીવાનું પણ તેનું અનિયમિત થઈ ગયું. કોઈની સાથે બોલવા ચાલવાનું પણ છોડી દીધું. ઘરની બહાર જવાનું પણ તેણે પ્રાયઃ બંધ કરી દીધું. એકમાત્ર છોકરીનાં વિચારોમાં તે પાગલ જેવો થઈ ગયો. શરીરની સ્વચ્છતા અને મનની સ્વસ્થતા પણ તે ગુમાવી બેઠો હતો.

બે વરસમાં તો તેણે, ચિંતાગ્રસ્ત બની, શરીર સૂકવી નાંખ્યું હતું ઘરમાં જ રહીને માત્ર સમય પસાર કરી રહેલો તે પાગલ કેદી જેવો જણાઈ રહ્યો હતો.

એક દિવસ તેણે અખબારમાં એક સમાચાર વાંચ્યા.

'એક યુવાને પોતાની પત્નીનાં ગુસ્સાવાળા સ્વભાવથી કંટાળી- થાકીને આપઘાત કર્યો.'

આ હેડલાઈન વાંચીને જ્યારે તેણે વિસ્તૃત અહેવાલ વાંચ્યો, ત્યારે સ્પષ્ટ ખ્યાલ આવ્યો કે તે ગુસ્સાવાળી યુવતી બીજી કોઈ નહીં, પણ તેની પ્રેમિકા જ હતી.

આપઘાત કરનાર યુવાને પોતાના અંતિમ પત્રમાં આપઘાતનું કારણ જણાવતાં લખ્યું હતુંઃ 'મને આવી ભયંકર ચંડપ્રકૃતિવાળી પત્ની મળી છે તે હું તેને સહન કરવા માટે અસમર્થ છું. અને તે માટે જ એની સાથે જીવી ન શકવાને કારણે હું આપઘાત કરૂં છું.'

જેના મોં પર દાઢી વધી ગયેલી હતી અને મુખ પરથી પ્રસન્નતા પલાયન થયેલી હતી, તેવા સ્વેટ માર્ડનના મોં પર આનંદની લહેરખી છાઈ ગઈ.

તેના મુખમાંથી આનંદની લહેરો શબ્દો સ્વરૂપે બહાર આવીઃ 'હાશ! સારૂં થયું.. જે થાય તે સારા માટે.. જો મારી જોડે તે પરણી હોત તો આજે આ સમાચારમાં પેલા યુવાનની જગ્યાએ મારૂં નામ છપાયું હોત.'

-પં.રાજહંસવિજયજી ગણિ

સાર સમાચાર...

ડીસા પાસે મહીલાનાં થેલા માંથી ૧.૮૪ લાખની ઉઠાંતરી

ડીસા

વિજાપુર તાલુકાના લાડોલ ગામની પરણીતા તેમના પુત્ર અને પિત્રાઈ ભાઈ સાથે રાજસ્થાનનાં રાજીકાવાસ ખાતે જવા નીકળ્યા હતા દરમ્યાન તેઓ ડીસા બસ સ્ટેસન ઉતરી શહેરના ગાયત્રી મંદિર ચાર રસ્તા પાસે ઉભા હતા આ દરમ્યાન એક સફેદ ગાડીમાં તેઓ આગળ જવા નીકળ્યા હતા પરંતુ ગાડીના ડ્રાઈવરે તેમના ગાડી માલિકનો અકસ્માત થયો હોવાથી પરત જવું પડશે તેમ કહી તેઓને પરત ગાયત્રી મંદિર ઉતારી ગયા હતા.બાદમાં તેઓ ઘરે પહોચતા તેઓનાં સામાન ચેક કરતા તેમના થેલા માંથી

અનુસંધાન પાના નં.૬

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
- માથાનો દુઃખાવો
- ખેંચ-વાઇ
- લકવો-પક્ષાઘાત
- મગજનો ટીબી
- ચક્કર
- યાદશક્તી ઓછી થવી
- હાથપગની ધ્રુજારી
- નસોની નબળાઇ
- હાથપગમાં ઝણઝણાટી
- સાયેટીકા
- ગરદન અને કમરના મણકાની તકલીફો

ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફીઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

જોઈએ છે
શ્રી મુરલીધર ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.
ટોલનાકાની આગળ, ધાનેરા હાઈવે, કંસારી - ડીસા.
★ સોલ્વન્ટ પ્લાન્ટ ઈન્ચાર્જ તથા ઓપરેટર તથા આસીસ્ટન્ટ
★ ઓઈલ મીલ ફીટર તથા આસીસ્ટન્ટ
★ સીંગદાણા સોર્ટેક્ષ મશીન ઓપરેટર (અનુભવી)
★ બોઈલર એટેન્ડન્ટ (કોન્ટ્રાકટ ધોરણે)
★ ETP પ્લાન્ટ તથા RO પ્લાન્ટ ઓપરેટર (અનુભવી)
★ માર્કેટયાર્ડના કામના જાણકાર મેતાજી - મગફળી અને રાયડો (૫ વર્ષના અનુભવી)
★ રીફાઈનરી ઈન્ચાર્જ તથા ઓપરેટર તથા આસીસ્ટન્ટ
★ પ્રોડકશન મેનેજર (ઓઈલમીલ/રીફાઈનરી/પ્લાન્ટ/સીંગદાણાના જનરલ નોલેજ જાણકાર)
★ રસોઈ કામના અનુભવી રસોઈયા તથા આસીસ્ટન્ટ
★ કમ્પ્યુટર એકાઉન્ટન્ટ (સેલટેક્ષ તથા ઈન્કમટેક્ષ તથા પ્લાન્ટ અનુભવી)
★ લેબ કેમીસ્ટ (જી એલ સી મશીન તથા દરેક તેલના પારામિટરના જાણકાર)
સંપર્ક નં.મો.૯૯૭૮૬૨૫૧૩૫, ૯૮૭૯૩૦૬૬૫૦
સવારે ૮.૦૦ થી ૧.૦૦, બપોરે ૩.૦૦ થી ૬.૦૦ કલાકે

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ.રાંમજીભાઈ નરસુંગભાઈ દેસાઈ
સંવત ૨૦૭૩ વૈશાખ સુદ ૩
ચેરમેન, ગોપાલ સેવા સહકારી મંડળી લિ.

આપને ગુમાવ્યાની વેદના
શબ્દોમાં સમાતી નથી,
હરહંમેશ વહેતા હેતની
લાગણી સહેજે વિસરાતી નથી,
રડી પડે છે આંખો તસ્વીર
જોઈ આપની, હૈયુ માનવા
તૈયાર નથી
કે હસ્તી રહી નથી આપની,
આપના દિવ્ય આત્માને
શાંતિ મળે એ જ પ્રાર્થના...

લિ.

રાંમાભાઈ રાંમજીભાઈ દેસાઈ - પુત્ર	પાંચાભાઈ રત્નાભાઈ દેસાઈ - ભાઈ
પીરાભાઈ વાલાભાઈ દેસાઈ - ભત્રીજ	જગમાલભાઈ ચેહરાભાઈ દેસાઈ - ભાઈ
સગરામભાઈ વાલાભાઈ દેસાઈ - ભત્રીજ	જામાભાઈ સવદાસભાઈ દેસાઈ - ભાઈ
લીલાભાઈ વાલાભાઈ દેસાઈ - ભત્રીજ	ભીખાભાઈ નારણભાઈ દેસાઈ - ભત્રીજ
મગનભાઈ વાલાભાઈ દેસાઈ - ભત્રીજ	ઈશ્વરભાઈ નારણભાઈ દેસાઈ - ભત્રીજ
મફાભાઈ પસાભાઈ દેસાઈ - ભત્રીજ	સાગરભાઈ રાંમાભાઈ દેસાઈ - પૌત્ર
પીરાભાઈ વીરમભાઈ દેસાઈ - ભત્રીજ	

મુ.પો.લુદરા, તા.દિઓદર, જિ.બ.કાં.

સૂર્યોદય - ૬.૧૮ સૂર્યાસ્ત - ૭.૦૧

તિથિદર્શન

વૈશાખ સુદ-૩ બુધવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ સુદ :ત્રીજ બુધવાર નક્ષત્રઃ કૃતીકા રાત્રે ૧૨.૨૮ પછી રોહીણી યોગ :આયુષ્યમાં કરણ:તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ) સવારે ૭.૩૫ પછી વૃષભ (બ.વ.ઉ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - **જયોતીષી બંસીલાલ એચ.લોધા**

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

વિતરતિ યાવદ્દાતાઃ તાવત્
ક્લોઅપિ ભવતિ કલ ભાષી
વિરતે પયસિ ધનેભ્યઃ
શામ્યન્તિ શિખંડીનાં ધ્વનયઃ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય ‘સામાન્ય નીતિ’નો આ શ્લોક છેઃ

જ્યાં સુધી દાન આપનાર, દાન આપતો રહે છે ત્યાં સુધી તેનો લાભ લેનારા મધુર વાણી દ્વારા તેનાં વખાણ કરે છે તેને સારું લાગે એવું વચન બોલે છે. (અર્થાત્ જ્યાં સુધી કોઈ વ્યક્તિમાંથી આપણને ફાયદો મળ્યા કરતો હોય ત્યાં સુધી જ તે સારો લાગે છે, ત્યારે તે જ વ્યક્તિ દુશ્મન બની જાય છે.’ અહીં વર્ષાઋતુની ગાજવીજ સાથે જ મોર પર મોટે મોટેથી ટહુકવા લાગે છે, પણ વરસાદની ઋતુ વીત્યા પછી વાદળ તો આકાશમાં દેખાય જ છે પણ મયૂર તેને જોઈને ટહુકતો નથી. કોઈ દાતા હોય, સરકારી અધિકારી કે વેપારીઓ- જ્યાં સુધી ફાયદો આપે-અપાવે ત્યાં સુધી સ્વાર્થી વ્યક્તિને એ સારા લાગે છે અને તેનાં વખણ પણ કરે છે. સત્તા- હોદ્દો- પદ સમૃદ્ધિ ગુમાવનારની એના ફાયદો લેનારા પણ ટીકા કરવા લાગે છે. દુનિયાનો આ સ્વાર્થી વ્યવહાર જ છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનથી લાભ થાય.

વૃષભ : (બ.વ.ઉ.)નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.

મિથુન : (ક.છ.ઘ.)મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.

કર્ક : (ડ.હ.) ઇચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.

સિંહ : (મ.ટ.)નવિન સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.

કન્યા : (પ.ઠ.ણ.) રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજન કરી શકશો.

તુલા : (ર.ત.)તકનો લાભ ઉઠાવી શકશો. આર્થિક લાભની તક મળે.

વૃશ્ચિક : (ન.ય.)વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ. બીજાઓ સાથે સંઘર્ષ ટાળવો.

ધન : (ભ.ફ.ધ.)પ્રતિકૂળ સંજોગોમાંથી માર્ગ કાઢી શકશો. મનમાં આનંદ રહે.

મકર : (ખ.જ.)નાણાંભીડ અનુભવાય, મનમાં વ્યથા રહે.

કુંભ : (ગ.શ.સ.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. અંગત મૂંઝવણ દૂર થાય..

મીન : (દ.ચ.જ.થ.)કાર્ય સફળતા માટે મહેનત કરવી પડે.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

ભારતીય ઋષિમુનીઓની ભાવનાના પ્રતિનિધિ ડો. પાંડુરંગ વામન કાણેની પુણ્યતિથી છે.

એમનો જન્મ ૭-૫-૧૮૮૦ના રોજ મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના પરશુરામ નામક ગામમાં થયો હતો.

તેમણે અંગ્રેજીમાં ‘હિંદુ ધર્મશાસ્ત્રનો ઈતિહાસ’ પર પાંચ મોટા ગ્રંથ તૈયાર કર્યા જેને પૂનાની વિખ્યાત વિદ્યાસંસ્થા ‘ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરે’ પંચ્યાશી હજાર રૂપિયાના ખર્ચે પ્રસિધ્ધ કર્યા. આ કાર્યથી તેઓ દેશ પરદેશમાં ખ્યાતિ પામ્યા.

આ મહાન પંડિતનું ૧૮-૪-૧૯૭૨ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા. ૧૮.૦૪.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૦૬૦૬ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!

તા. ૧૭.૦૪.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૫૪૮ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૦૫ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૭૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૫૭૫ પોઈન્ટ થી ૧૦૫૯૦ પોઈન્ટ, ૧૦૬૦૬ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૧૭.૦૪.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૩૩૫ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૨૫૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૧૨૫ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૩૭૩ પોઈન્ટ થી ૨૫૪૦૪ પોઈન્ટ, ૨૫૪૧૪ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૪૧૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

HDFC લિમિટેડ (૧૮૮૮) :- HDFC ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૭૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૮૬૦ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૦૩ થી રૂ.૧૯૧૯નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૯૨૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

ACC લિમિટેડ (૧૫૮૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૭૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૫૬૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૬૦૩ થી રૂ.૧૬૧૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

ડિવિસ લેબ (૧૧૮૩) :- રૂ.૧૧૬૦ નો પ્રથમ તેમજ રૂ.૧૧૪૭ ના બીજા સપોટ-’થી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૯૭ થી રૂ.૧૨૦૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

HCL ટેક્નોલૉજી (૧૦૧૦) :- ટેક્નોલૉજી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૦૨૩ થી રૂ.૧૦૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૯૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૯૪૪) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૯૧૯ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક રિફાઇનરી સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૯૫૩ થી રૂ.૯૬૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

ઇન્ડસિન્ડ બેન્ક (૧૮૬૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૮૮૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૮૫૩ થી રૂ.૧૮૪૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૮૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૨૨૯) :- રૂ.૧૨૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૫૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૨૧૨ થી રૂ.૧૨૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૬૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

મહિન્દ્રા & મહિન્દ્રા (૮૧૧) :- ઓટો સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૮૨૮ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૭૯૬ થી રૂ.૭૯૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

ટેક મહિન્દ્રા (૬૬૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલૉજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૭૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૫૬ થી રૂ.૬૫૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૬૮૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

સન ફાર્મા (૫૧૪) :- રૂ.૫૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૪૦ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૦૩ થી રૂ.૪૯૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૫૪૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

નલીયા (કચ્છ) ના મામલતદારે ડીસા જલારામ ગૌશાળાની મુલાકાત લઈ માર્ગદર્શન આપ્યુ

ડીસા

છેલ્લા દસ વર્ષથી કાર્યરત એવી ડીસા જલારામ ગૌશાળામાં હાલે ૨૩૨ જેટલી નાનીમોટી અને બિમાર ગાયો આશ્રય લઈ રહી છે. જલારામ ગૌશાળાના તમામ ટ્રસ્ટીઓ અને કાર્યકરો પોતપોતાની શક્તિ મુજબ સમય ફાળવી સેવા કરી રહેલ છે. જલારામ ગૌશાળા ડીસાને હાલે સમય આપી શકે તેવા ૨૧ જેટલા નિષ્ઠાવાન, નિસ્વાર્થ અને જીવદયાપ્રેમી સેવકોની ખાસ જરૂરિયાત છે. આ બાબતે ચર્ચા વિચારણા કરવા તાઃ ૧૫/૪/૨૦૧૮ ને રવિવારે સાંજે ભરતભાઈ ઠક્કર, ભગવાનભાઈ બંધુ અને મહેશભાઈ ઉદેચા સહિતના સેવકો ગૌશાળા ખાતે એકત્ર થયા હતા.

આ સમયે જ ગૌમાતાના આશીર્વાદ અને પૂજ્ય જલારામ બાપાની અસીમ કૃપાથી કચ્છના નલિયાના મામલતદાર વી.ડી.પૂજારા, તેમના ધર્મપત્ની નીરૂબેન, તેમના પુત્રો ડૉ.સંજયભાઈ , ડૉ.કોશિકભાઈ પુત્રવધુ ડૉ.માનસીબેન સહિત સૌએ જલારામ ગૌશાળાની ઉડતી મુલાકાત લીધી હતી અને ગૌમાતાઓનાં દર્શન કરી બિમાર ગાયોની હાલત અંગે પૂછપરછ કરી હતી.

ગૌશાળાની કામગીરીથી સંતોષ વ્યક્ત કરી તેમણે તેમના ગૌસેવાના સંકલ્પ રૂપે તેમના પરિવાર તરફથી રૂા. ૨૧૦૦૦ (એકવીસ હજાર) નું સ્થળ ઉપર જ દાન આપતાં સૌએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

સેવાનું કામ હોય ત્યાં પરમાત્મા પોતે દાતાઓને મોકલી આપે છે તેવો અનુભવ અને અહેસાસ સૌને થયો હતો. ડીસા જલારામ ગૌશાળાને રોજનો અંદાજીત પાંચ હજાર રૂપિયા લેખે મહિને દોઢ લાખ જેવો ખર્ચ હોઈ ૫૦૦ રૂપિયાના એક ટકા લેખે ૩૦૦ ટકાના દાતાઓ ઉભા કરી ગૌશાળાનો સારી રીતે નિભાવ થાય તેની પણ ચર્ચા થઈ હતી. આ અવસરે ઉપસ્થિત ભગવાનભાઈ બંધુએ વી.ડી.પૂજારા પરિવાર પ્રત્યે ઋણ સ્વીકારની લાગણી વ્યક્ત કરી હતી. ભરતભાઈ ઠક્કર અને મહેશભાઈ ઉદેચાએ જલારામ ગૌશાળાની વિગતો પૂરી પાડી હતી.

તેજીના દોર વચ્ચે સેંસેક્સ અને નિફ્ટીમાં વધુ ઉછાળો નોંધાયો

મુંબઈ

શેરબજારમાં અવિરત તેજીનો દોર જારી રહ્યો છે. આજે પણ તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૯૦ પોઈન્ટ ઉછળીને ૩૪૩૯૫ની ઉંચી સપાટી રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૦ પોઈન્ટ ઉછળીને ૧૦૫૪૯ની સપાટીએ રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં નિફ્ટી રિયાલીટી ઈન્ડેક્સમાં એક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ગોદરેજ પ્રોપર્ટી અને ઈન્ડિયા બુલ્સ રિયલ એસ્ટેટના શેરમાં એક ટકાનો ઉછાળો નોંધાયો હતો. આ ઉપરાંત હવામાન વિભાગ દ્વારા દેશમાં નોર્મલ મોનસુનની કરવામાં આવેલી આગાહીની અસર પણ જોવા મળી હતી. એફએમજીસી અને રિયાલીટી ઈન્ડેક્સમાં તેજી રહી હતી. આજે સતત ૯માં કારોબારી સત્રમાં શેરબજારમાં લેવાલીનો દોર રહ્યો હતો. કેટલીક ઈન્ડેક્સ હેવીવેઈટ કંપનીઓ તેમના ત્રિમાસિક ગાળાના આંકડા હવે જારી કરશે. એસીસી દ્વારા આવતીકાલે બુધવારના દિવસે તેના માર્ચ ત્રિમાસિક ગાળાના આંકડા જાહેર કરવામાં આવશે. આવી જ રીતે ઈન્ડસબેંક અને ટીસીએસ ગુરુવારના દિવસે પોતાના આંકડા જારી કરશે. જ્યારે ક્રિસિલ, એચડીએફસી લાઈફ, તાતા સ્પોન્જ, એચડીએફસી બેંક દ્વારા ૨૧મી એપ્રિલના દિવસે આંકડા જારી કરવામાં આવશે. તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને ગઈકાલે સોમવારના દિવસે મોટી રાહત થઈ હતી. કારણ કે હોલસેલ કિંમતો પર આધારિત ફુગાવો આંશિકરીતે ઘટીને માર્ચમાં ૨.૪૭ ટકા થઈ ગયો હતો. શાકભાજી અને કઠોળની કિંમતમાં ઘટાડો થતા આ સ્થિતી સર્જાઈ હતી. હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સના આધાર પર ફુગાવો ફેબ્રુઆરી મહિનામાં ૨.૪૮ ટકા હતો. જ્યારે ગયા વર્ષે માર્ચમાં ફુગાવો ૫.૧૧ ટકા હતો. માર્ચ મહિનામાં ફુડ આર્ટિકલ્સમાં ફુગાવો ૦.૨૯ ટકા રહ્યો છે. જે અગાઉના મહિનામાં ૦.૮૮ ટકા હતો. બીજી બાજુ રિટેલ ફુગાવામાં પણ હાલમાં ઘટાડો નોંધાયો હતો. રિટેલ ફુગાવો માર્ચ મહિનામાં ઘટીને ૪.૨૮ ટકા રહ્યો છે. જે પાંચ મહિનાની નીચી સપાટી ઉપર છે.

અનુસંધાન પાના નં.૬

ધાનેરાના થાવર અને અનાપુરગઢ નજીક બે અકસ્માતમાં ત્રણને ઈજા

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરાના થાવર રેલ્વે પુલ નજીક ગઈ મોડી સાંજે ઝેરડા ગામના કાળુભાઈ હંજારીમલ ઉ.વ.૩૫, નામના યુવાનને કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા ગંભીર ઈજા થઈ હતી. જેને સારવાર અર્થે ૧૦૮ વાન મારફત ધાનેરા સરકારી દવાખાને ખસેડાયો હતો. બીજા બનાવમાં અનાપુરગઢ નજીક બાઈક ઉપર જઈ રહેલ ભાઈ બહેન દશરથભાઈ પુરોહિત તથા વિમળાબેન પુરોહિત બાઈક ઉપર જઈ રહ્યા હતા. ત્યારે કોઈ જીપ ચાલકે ટક્કર મારતા બંનેને ઈજાઓ થઈ હતી. તેમને સારવાર માટે ખસેડાયા હતા.

બેવટા પ્રાથમિક શાળાના ધોરણ ૮ના બાળકોનો વિદાય સમારોહ યોજાયો

વિષ્ણુ દવે

થરાદ

થરાદ તાલુકાની બેવટા પ્રાથમિક શાળામાં ધોરણ ૮ના બાળકોનો વિદાય સમારોહ યોજાયો.

જેમાં ગામના સરપંચ, ડે.સરપંચ, એસએમસી સભ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહી બાળકોને વિદાય આપી. શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા ખૂબ આગળ વધો એવી શુભેચ્છાઓ આપી હતી. શાળા પરિવાર વતી તિથિ ભોજન આપવામાં આવ્યું હતું.

ગણપત યુનિવર્સિટીનો ૧૨ મો સ્થાપના દિન ઉજવાયો

સોમનાથ યુનિ.ના વાઈસ ચાન્સેલર પ્રો. અર્કનાથ ચૌધરીનું ‘‘વૈદીક ધર્મ સંપ્રદાયઃ નિરપેક્ષ માનવ-ધર્મ’’ વિષયે ખાસ વ્યાખ્યાન યોજાયું

ગણપત વિદ્યાનગર

ગુજરાતની ‘હાઈટેક’ તરીકે નામના પામેલી ગણપત યુનિવર્સિટીના ૧૨ મા ફાઉન્ડેશન-ડે (સ્થાપના - દિવસ) ની ગઈ તારીખ ૧૨ ના રોજ ભારે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

ઉજવણીના મુખ્ય ભાગરૂપે દર વર્ષની પરંપરા મુજબ એક ‘ફાઉન્ડેશન -ડે લેક્ચર’ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વ્યાખ્યાતા તરીકે ગુજરાતની સુપ્રતિષ્ઠિત એવી સોમનાથ યુનિવર્સિટીના વાઈસ - ચાન્સેલર પ્રો. અર્કનાથ ચૌધરી ખાસ ઉપસ્થિત રહી ‘વૈદિક ધર્મસંપ્રદાય : નિરપેક્ષ માનવ ધર્મ’ વિષયે પોતાનું મનનીય ચિંતન વ્યક્ત કરી બહોળા-શ્રોતાવર્ગને ભારે પ્રભાવિત કર્યો હતો. ગણપત યુનિ.ના આ ૧૨ મા સ્થાપના દિનના પાવન અવસર નિમિત્તે યુનિ.ના ૧૧ મા કૉન્વોકેશનના પ્રવચનોની પુસ્તિકા તેમજ ફાઉન્ડેશન- ડે લેક્ચર સિરિઝ અંગેની ‘વ્યાખ્યાંશ’ નામની પુસ્તિકાનું મહેમાન મહાનુભાવોના વરદ્ હસ્તે વિમોચન પણ થયું હતું.

ગણપત યુનિ.ના આ અવસરના વિશેષ વ્યાખ્યાતા પ્રો. અર્કનાથ ચૌધરી, યુનિ.ના બોર્ડ ઓફ ગવર્ન્સના મેમ્બર આનંદ પટેલ, યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો.ડૉ.મહેન્દ્ર શર્મા , રજિ. અમિતભાઈ પટેલ, પ્રોવીસી ડૉ. આર.કે. પટેલ, અનેક ટ્રસ્ટીઓ, વિવિધ કોલેજના આચાર્યો, હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટસ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ સહિત સેંકડો લોકોએ ખાસ ઉપસ્થિત રહી ગણપત યુનિ.ના ૧૨ મા સ્થાપના દિવસની ઉજવણીને વધુ શાનદાર અને સાર્થક બનાવી હતી.

કાર્યક્રમનું સંચાલન પ્રો.ડૉ. આનંદ મંકોડિયાએ કર્યું હતું. તો સમગ્ર કાર્યક્રમના આયોજનની જવાબદારી વી.એમ.પટેલ કૉલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝના આચાર્ય પ્રો.ડૉ. કે. ચુડાસમા અને તેમની ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી.

અવસાન નોંધ

ડીસા

ડીસા તાલુકાના ભીલડીના યુવા વેપારી અગ્રણી જીતેન્દ્રકુમાર ગણપતલાલ ઠક્કરનું તા.૧૫/૪/ ૧૮ ના રોજ દુઃખદ અવસાન થતાં તેમના પરિવારજનો સહિત ગામમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.મૃતક માયાળુ અને મિલનસાર સ્વભાવના હતા.

દિલ્હીથી મુંબઈની યાત્રા ૧૨ કલાકમાં પરિપૂર્ણ કરી શકાશે

નવીદિલ્હી

પાટનગર દિલ્હીથી જો માર્ગ મારફતે મુંબઈ જવામાં આવે તો હાલમાં ૨૪ કલાકનો સમય લાગે છે પરંતુ ટૂંક સમયમાં જ આ યાત્રાને ૧૨ કલાકની અંદર જ પૂર્ણ કરી શકાશે. સરકાર સાયબરસિટી ગુરુગ્રામથી મુંબઈ વચ્ચે એક્સપ્રેવે બનાવવાની તૈયારીમાં છે. કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરી દ્વારા આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, ૬૦૦૦૦ કરોડ રૂપિયાની કિંમતની આ ત્રણ વર્ષમાં તૈયાર થશે. આ એક્સપ્રેસ વે દેશના સૌથી પછાત બે જિલ્લા હરિયાણાના મેવાત અને ગુજરાતના દાહોદથી થઈને પસાર થશે. આ એક્સપ્રેસ વે બનવાથી દિલ્હી અને મુંબઈ વચ્ચેના ૧૪૫૦ કિલોમીટરના અંતરને ઘટાડીને ૧૨૫૦ કિમી કરી દેવામાં આવશે. એટલું જ નહીં આ યાત્રા ૨૪ કલાકના બદલે ૧૨ કલાકમાં પૂર્ણ કરી શકાશે. ગડકરીએ કહ્યું હતું કે, આ એક્સપ્રેસ વેના નિર્માણ પર આ વર્ષે ડિસેમ્બર મહિનામાં કામ શરૂ થઈ જશે અને આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરી લેવામાં આવશે. આ એક્સપ્રેસ વે ગુરુગ્રામના રાજીવ ચોકથી શરૂ થશે. સોહના બાયપાસના વર્તમાન અલાઈમેન્ટ પર આનું નિર્માણ થશે અને વડોદરા સુધી જશે. એક્સપ્રેસ વે બનાવવા માટે વડોદરાથી સુરત વચ્ચે કામ માટે ટેન્ડર જારી કરવામાં આવી ચુક્યા છે. સુરતથી મુંબઈ માટે ટેન્ડર ટૂંકમાં જ જારી કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, આ એક્સપ્રેસ વે રાજસ્થાન, હરિયાણા અને મધ્યપ્રદેશના પછાત જિલ્લામાં વિકાસ મુક્ત માર્ગ બનશે.

સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ NSSના વિદ્યાર્થીઓ દ્વારા કરુણા અભિયાન

ડીસા

સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ડીસાના એન.એસ.એસ પ્રોગ્રામ ઑફિસર ભાર્ગવ ભટ્ટના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા ધગધગતી ગરમીમાં પક્ષીઓ માટે કરૂણા અભિયાન અંતર્ગત પક્ષીઓને પાણી, ચણ અને યોગ્ય રહેઠાણની સગવડ મળે એવા ઉમદા હેતુથી પાણીના કુંડા અને માળા શાળાના વિવિધ વૃક્ષો પર લગાવવામાં આવ્યા હતા. કાર્યક્રમ સફળ બનાવવામાં શાળાના શિક્ષકોનો બહુમૂલ્ય ફાળો રહ્યો હતો.

દાંતીવાડા જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ-૬ માં પ્રવેશ માટે પરીક્ષા યોજાશે

પાલનપુર

જવાહર નવોદય વિદ્યાલય, દાંતીવાડા જિ. બનાસકાંઠા દ્વારા ધોરણ-૬ માં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા આગામી તા. ૨૧/૦૪/૨૦૧૮, શનિવારના સવારે- ૧૧.૩૦ થી બપોરના ૧.૩૦ દરમ્યાન યોજાશે. જે માટે જિલ્લાના ૩૨ પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. તમામ ઉમેદવારોએ એડમીટ કાર્ડ (પ્રવેશ પત્ર) લઈને સવારે ૧૦.૩૦ કલાકે પરીક્ષા કેન્દ્રો પર હાજર થવાનું રહેશે. ઓનલાઈન ફોર્મ ભરેલા તમામ ઉમેદવારો નજીકના સી.એસ.સી. સેન્ટર પર ફોર્મ રજીસ્ટ્રેશન નંબર આપવાથી એડમીટ કાર્ડની પ્રિન્ટ મેળવી શકશે. તેમજ ઓફલાઈન ફોર્મ ભરેલા ઉમેદવારોએ જે તે સંલગ્ન તાલુકાના શિક્ષણાધિકારીની કચેરી અથવા જે તે શાળાને દાંતીવાડા જવાહર નવોદય વિદ્યાલયમાંથી મોકલવામાં આવેલા છે. પરીક્ષાના દિવસે સવારના ૧૧.૩૦ કલાક બાદ પ્રવેશ મળશે નહીં. તેની તમામ ઉમેદવારો, વાલીઓ અને પ્રાથમિક શાળાના આચાર્યોને નોંધ લેવા દાંતીવાડા જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યએ જણાવ્યું છે.

સરકારી વિનયન કોલેજ, અમીરગઢમાં યુનિવર્સિટી પરીક્ષા કેન્દ્રની ફાળવણી

વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

સરકારી વિનયન કોલેજ, અમીરગઢને તાજેતરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિ દ્વારા માર્ચ - ૨૦૧૮ થી યુનિવર્સિટી પરીક્ષા કેન્દ્રની ફાળવણી કરાતા તાલુકાના વિદ્યાર્થીઓ આનંદની લાગણી અનુભવી રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી અમીરગઢ તાલુકાના ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તારમાંથી આવતાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી પરીક્ષા આપવા માટે અમીરગઢથી ૩૮ કિ.મી. દૂર પાલનપુર જવું પડતું હતું. કોલેજના આચાર્ય નરેશભાઈ ચૌધરીએ કુલપતિનો આભાર માનતા જણાવ્યું હતું કે, અત્રેની કોલેજને પરિક્ષા કેન્દ્રની ફાળવણી થતાં તાલુકાના વિદ્યાર્થીઓને પરીક્ષા સમયે મુસાફરીમાં વેડફાતા સમયની બચત થશે અને તેઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં સ્વસ્થતા સાથે પરીક્ષા આપી શકશે. વધુમાં તેમણે કુલપતિ અત્રેની કોલેજનો કાયમી જોડાણનો પ્રશ્ન પણ સત્વરે હલ કરશે તેવી આશા પ્રગટ કરી હતી.

વડગામના ઈકબાલગઢની અનુ.જાતિ આશ્રમ શાળામાં તિથિભોજન અપાયું

ભાવેશ શ્રીમાળી

પ્રતિનિધિ પિલુચા

વડગામ તાલુકાના ઈકબાલગઢ ગામે અનુ.જાતિના બાળકો માટે આશ્રમ શાળા આવેલી છે. આ આશ્રમ શાળામાં અતિગરીબ વર્ગના બાળકો અભ્યાસ કરે છે. તેથી પિલુચા ગામના દાતા મનોજભાઈ જેઠાભાઈ પરમાર દ્વારા પોતાના જન્મદિને આશ્રમ શાળાના બાળકોને તિથિભોજન આપીને જન્મદિનની અનોખી રીતે ઉજવણી કરી હતી.

આ પ્રસંગે મનોજ પરમારે ઈકબાલગઢ આશ્રમ શાળામાં ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા ભેટમાં આપી હતી. ઈકબાલગઢ આશ્રમ શાળાના સંચાલન કાન્તીલાલ રાવત અને શિક્ષક ડાહ્યાભાઈ રાવત દ્વારા મનોજભાઈને જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી.

પાલનપુરની અર્પણપાર્ક સોસાયટીમાં વરસાદી પાણીની સમસ્યા

સમસ્યાથી ત્રસ્ત રહીશોએ કલેક્ટરને પાઠવ્યું આવેદનપત્ર

સંજય જોષી

પાલનપુર

પાલનપુર એગોલા રોડ પર આવેલી અર્પણપાર્ક સોસાયટીમાં વરસાદી પાણીની સમસ્યાથી ત્રસ્ત રહીશો દ્વારા પાલિકાને રજુઆત કરવા છતા કોઇ નિકાલ આવતો નથી. જેથી કંટાળેલા સ્થાનિક રહીશો કલેક્ટર કચેરી ખાતે દોડી આવી આવેદનપત્ર પાઠવ્યું હતું.

પાલનપુર એગોલા રોડ ઉપર આવેલ અર્પણ પાર્ક સોસાયટીમાં વરસાદી પાણીના નિકાલ માટે પાઇપો નાખવામાં આવી હતી. પરંતુ છેલ્લા સાત વર્ષથી પાઇપો ચોકઅપ થઇ ગઇ છે. તેમજ આગળ આવેલી સોસાયટીઓના રહીશો દ્વારા દબાણ કરવામાં આવતા અર્પણ પાર્ક સોસાયટીમાં વરસાદી પાણી ભરાઇ રહે છે. જેના કારણે મકાનોમાં પાણી ઘુસી જતા ઘરવખરીને ભારે નુકસાન થતુ હોવાથી સ્થાનિક રહીશો દ્વારા નગરપાલિકાને અવાર-નવાર રજુઆત કરી હતી. છતાં કોઇ નિકાલ ન આવતા આખરે કંટાળેલા રહીશો કલેક્ટર કચેરી ખાતે દોડી આવી નિવાસી અધિક કલેક્ટર એલ. બી. બાંભણીયાને વરસાદી પાણીના નિકાલ માટે રજુઆત કરી હતી.

શ્વાસ લેવામાં તકલીફ પડતા થરાદમાં માનસિક અસ્વસ્થ આધેડનું મોત

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

શહેરના સાંચોર હાઈવે પર આવેલા શામળાજી ધાબા પર અઢી મહિના પહેલા એક માનસિક અસ્થિર ૫૦ વર્ષીય આધેડ ફરતો ફરતો આવી ચડયો હતો. જે ધાબા પાસેના લીમડાના ઝાડ પાસે રહેતો હતો.જેને ધાબાના માલિક ગણપતલાલ હરગોવનભાઈ બ્રાહ્મણ (શીરવાડીયા) બંને ટાઈમ જમવાનું આપતા હતા. જોકે આધેડ કશું જ બોલતો ન હતો અને ક્યારેક થોડું બોલતો પણ સમજાતું ન હતું. જે હોટલ પાસે ઝાડ નીચે રાત-દિવસ રહેતો હતો.

સોમવારની રાત્રે રાત્રે સાડા અગિયાર વાગ્યાના સુમારે તેને અચાનક શ્વાસ લેવામાં તકલીફ પડતા તથા આંચકી આવતા ગણપતભાઈ બ્રાહ્મણ તથા બાબુભાઈ જોષી અને શીવાભાઈ મનજીભાઈ રાજપૂત દોડી આવ્યા હતા અને થરાદ ૧૦૮માં અને સારવાર અર્થે લઈ ગયા હતા. જોકે ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. માનસિક અસ્વસ્થતાને છાતીમાં દુખાવો થતાં ગણપતભાઈ બ્રાહ્મણ તથા સેવાભાવી લોકોએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ નહી બચાવી ન શકાયાનો અફસોસ પણ વ્યક્ત કર્યો હતો. થરાદ પોલીસે અકસ્માત મોત રજિસ્ટરે નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

દુષ્કર્મની ઘટનાઓના વિરોધમાં

પાલનપુર ખાતે આમ આદમી પાર્ટીની કેન્ડલ માર્ચ

સંજય જોષી

પાલનપુર

ઉન્નાવ ગેંગરેપ તથા કઠુઆ અને સુરતમાં નાની બાળકીઓ ઉપર થયેલ બળાત્કાર અને ત્યારબાદ હત્યાની ઘટનાઓને આમ આદમી પાર્ટી ઉત્તર ગુજરાત સખત શબ્દોમાં વખોડી કાઢતા ઊંડા ખેદની લાગણી વ્યક્ત કરતા પાલનપુરમાં કેન્ડલ માર્ચ યોજી હતી.

પિડિતાઓના પરિવારને ત્વરિત અને ઝડપી ન્યાય મળે અને આવા જઘન્ય કૃત્ય બદલ આરોપીઓને ફાંસીની સજા કરવામાં આવે તેવી માંગ કરતા આમ આદમી પાર્ટી દ્વારા મૃત્યુ પામનાર પિડિતાઓના આત્માની શાંતિ અર્થે પાલનપુરના ગુરુનાનક ચોકથી કીર્તિસ્તંભ સુધી કેન્ડલ માર્ચ કરી પ્રાર્થના કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

જેમાં આમ આદમી પાર્ટીના ગુજરાત ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરી, નોર્થ ઝોન પ્રમુખ રમેશભાઇ નાભાણી, જિલ્લા પ્રમુખ નરેશભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

શ્રી શત્રુંજય મહાતીર્થના આત્મોદ્ધારમાં થરાદનાં ચાર મુમુક્ષુઓ સંયમના માર્ગે સંચરશે

પાલિતાણામાં આગામી ૨૨મી એપ્રિલે ૧૦ મુમુક્ષુઓનો દિક્ષામહોત્સવ

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરના આંગણે વિતેલા દિવસોમાં સ્વર્ગીય રાષ્ટ્રસંતની નિશ્રામાં યોજાયો હતો એવા જ ભવ્ય સામુહિક દિક્ષા મહોત્સવનું આયોજન તેમના અનુગામી આચાર્ય ભગવંતની નિશ્રામાં શ્રી શત્રુંજય મહાતિર્થના આંગણે કરાયું છે.જેમાં થરાદનાં ચાર મુમુક્ષુઓ સંયમના માર્ગે સંચરનાર હોઇ જૈનસમાજમાં આનંદની લાગણી ફેલાવા પામી છે.

પેપરાલ ગામના પનોતા પુત્ર અને જૈનશાસનની ધરોહર સમા જૈનાચાર્ય આચાર્ય દેવેશ શ્રીમદ વિજયજયંતસેન સુરિશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં થરાદના આંગણે ગત ૧૪મી ફેબ્રુઆરીએ ૨૫ દિક્ષાર્થીઓનો દિક્ષા મહોત્સવ યોજાયો હતો.ત્યાર બાદ તેમના અનુગામી એવા તિસ્તુતિક સંઘના ગચ્છાધિપતી આચાર્ય દેવેશ શ્રી નિત્યસેન સૂરિજી મહારાજ સાહેબની નિશ્રા માં આગામી ૨૨ મી એપ્રિલે પાલિતાણામાં ભવ્યતાતિભવ્ય દિક્ષામહોત્સવ યોજાનાર છે. શ્રી શત્રુંજય મહાતીર્થના આંગણે યોજાનાર આત્મોદ્ધારમાં થરાદના ચાર અને મધ્યપ્રદેશના બે, એક રાજસ્થાન અને દક્ષિણના ત્રણ મળીને કુલ ૧૦ મુમુક્ષુ રત્નો સંસારીજીવનનો ત્યાગ કરી સંયમના માર્ગે સંચરશે.

જેમાં મુળ થરાદ(સુરત)નાં રિંકલબેન અરવિંદભાઇ દોશી,આરઝૂબેન અતુલકુમાર વોહેરા (દુધવા), નિયતિબેન જગદીશભાઈ મોરખીયા (થરાદ) મોક્ષાલીબેન અશોક-કુમાર શેઠ (લુણાલ) નાની વયમા સંસારની અસારતા સમજીને આત્મોદ્ધાર તરફ પા પા પગલી ભરવા જતાં થરાદવાસીઓમાં આનંદ અને ઉમંગ હિલ્લોળે ચડયો છે.

પાલનપુરમાં ખુલ્લી ટાંકીમાં પડેલા આખલાને જીવતદાન મળ્યું

ગૌરક્ષા કમાન્ડો ફોર્સ અને નગરપાલિકાએ બચાવ કામગીરી કરી આખલાને બહાર કાઢ્યો

સંજય જોષી

પાલનપુર

પાલનપુર શહેરના સુખબાગ રોડથી તાજપુરા રોડ પર આવેલી ખુલ્લી ટાંકીમાં ગતરાત્રે એક આખલો પડી ગયો હતો. આ અંગેની જાણ થતાં ગૌરક્ષા કમાન્ડો ફોર્સ અને નગરપાલિકાની ટીમે જેસીબી દ્વારા ભારે જહેમત બાદ આખલાને બહાર કાઢતા આખલાને જીવતદાન મળ્યું હતું.

પાલનપુરમાં ખુલ્લા કુવા તેમજ ટાંકીઓમાં પશુઓ પડવાના બનાવો બની વધી રહ્યા છે. ત્યારે શહેરના સુખબાગથી તાજપુરા રોડ નજીક આવેલી ખુલ્લી ટાંકીમાં સોમવારે રાત્રે એક આખલો પડી ગયો હતો. જે ટાંકી સાંકડી હોવાથી તે અંદર ફસાઇ ગયો હતો. આ અંગેની મંગળવારે સવારે લોકોને જાણ થતાં તેમણે ગૌરક્ષા કમાન્ડો ફોર્સને જાણ કરી હતી. આથી દિપકભાઇ તેમની ટીમ સાથે આવી પહોચ્યા હતા. બીજી તરફ નગરપાલિકા પ્રમુખ નિલમબેન જાની પણ ઘટનાસ્થળે આવી જેસીબી મશીનથી ખાડો ખોદી ભારે જહેમત બાદ આખલાને બહાર કાઢી તેનો જીવ બચાવી લેવાયો હતો.

થરાદમાં પાણીની પાઈપલાઈનમાં ભંગાણ:હજારો લીટર પાણી વેડફાયું

પ્રતિનિધિ થરાદ

જિલ્લાના સરહદે આવેલા થરાદ,વાવ તાલુકાના છેવાડાના ઘણાં ગામોમાં પીવાના પાણીની સમસ્યાના કારણે લોકો અને પશુઓ પાણીના ટીપે ટીપા માટે તરસે મરી રહ્યાછે,ત્યારે થરાદ હાઈવે ચારરસ્તા પર અવારનવાર થરાદથી આવતી પાણીપુરવઠા અને ગટરવ્યવસ્થા બોર્ડની પસાર થતી લાઇનમાં ભંગાણ પડવાના કારણે પાણીનો મોટા પ્રમાણમાં વેડફાટ થવા પામ્યો હતો.

મંગળવારે બપોરના અઢી વાગ્યાના સુમારે આ લાઇનમાં લીકેજ થવાના કારણે હજારો લીટર પાણીનો બગાડ થવા પામ્યો હતો.જે સાંજે સાત વાગ્યા સુધીમાં બંધ નહી કરાતાં પાણી હાઈવે રોડ પર તળાવ સ્વરૂપે એકઠું થતાં વાહનચાલકો અને આગળમાં દુકાનો ધરાવતા વેપારીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.આજુબાજુ ના વેપારીઓએ જણાવ્યું હતું કે વર્ષો જુની પાઇપલાઇનમાં અવાર નવાર આવી રીતે ભંગાણ સર્જાય જ છે. આથી આમ પ્રજામાં પણ વહીવટીતંત્ર આ સમસ્યાનો કાયમી નિકાલ થાય તેમ પગલાં ભરે તેવી માંગણી ઉઠવા પામી હતી.

શ્રી ઉમરા જૈન સંઘમાં સૂરી પ્રેમ સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિની ભવ્ય ઉજવણી

પોલિસ પ્રશાસનનું અભિવાદન અને ૪૦૦ મી દીક્ષા નિમિત્તે સમસ્ત સુરત શહેરના ટ્રસ્ટીગણોની મીટીંગ થઈ

સુરત

શ્રી ઉમરા જૈન શ્વે.મૂ.તપાગચ્છ સંઘમાં પૂજ્ય દીક્ષા દાનેશ્વરી આ.ભ.શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂજ્ય આચાર્ય શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સમસ્ત શહેરના જૈન સંઘોના અગ્રણીઓની મીટીંગ યોજાઈ. જેમાં સૂરીપ્રેમ સ્વર્ગારોહણ અર્ધ શતાબ્દિની સમસ્ત સુરત લેવલે ૧૧ મે ના રોજ સવારથી સાંજ વનડે ઉજવણીની ચર્ચા કરવામાં આવી હતી. સવારે ૬:૩૦ થી ૭:૩૦ સુરતના તમામ જિનાલયોમાં ઘંટનાદ સાથે વિશ્વશાંતિ માટે પરમાત્મા નામ સ્મરણ સાથે ૨૫૦૦ બહેનો દ્વારા હાથે ઘૂંટીને તૈયાર કરેલી પવિત્ર ઔષધીયો સાથે મંત્રાભિષેક. ૩૦ સંઘોમાં પૂ.ગુરૂભગવંતોની નિશ્રામાં 'સૂરીપ્રેમ વંદનાવલી' ગુણાનુવાદ માત્ર બે દ્રવ્ય (દાળ રોટી) ના સૂરીપ્રેમ એકાસણા રાત્રે તમામ જિનાલયોમાં આંગી અને સમૂહ આરતીનું આયોજન વિચારાયું. અભિષેક માટે ફોર્મ વિતરણ કરવામાં આવશે. તે સિવાય ૨૨ એપ્રિલના ઉમરામાં પ્રથમવાર ૨૨ વડી દીક્ષા સાથે વિહારમાં સુરક્ષા આવતા સમસ્ત પોલીસ પ્રશાસનનું વિશિષ્ટ અભિવાદન- બહુમાન... તા.૨૫ એપ્રિલના ગુરૂરામ પાવનભૂમિમાં ૬ સાથે ૪૦૦ દીક્ષાની અનોખી રહેશે. સિધ્ધિમાં ઈંડીયા બુક રેકોર્ડ અને એશિયા બુક રેકોર્ડની હાજરી રહેશે. ૨૬ એપ્રિલના સમસ્ત સુરતમાં પ્રભુવીશ શાસન સ્થાપના દિવસની ઉજવણી માટે જૈન યુવક મહાસંઘ દ્વારા શાસન ધ્વજગીત સહિત કિટ વિતરણ થશે.

આજે અખાત્રીજ ! વણજોયા શુભ મુહૂર્તનો દિવસ

નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

વૈશાખ સુદ - ૩ એટલે અખાત્રીજનો દિવસ વળી આ દિવસ ને અક્ષય તૃતિયા પણ કહેવામાં આવે છે. આજે બુધવારના રોજ અખાત્રીજના પર્વની ઉજવણી થશે આજના દિવસ એટલે કે વણજોયુ શુભ મુર્હૂતનો દિવસ ગણવામાં આવે છે જેથી લોકો આજના દિવસને ખાસ પસંદ કરતા હોય છે. જેમાં ઘરેણા, વાહન કે ઘરની ઉપયોગી ચીજવસ્તુઓની લોકો અચૂક ખરીદી કરતા હોય છે.

હિન્દુ સંસ્કૃતિમાં દરેક કાર્ય કરવા માટે શુભ મુહૂર્ત જોવાનું કે ખુબ મહત્વ રહેલુ છે. જેમાં ખાસ કરીને વાહન કે ઘરની ખરીદી કરવી હોય છે અન્ય કોઈ પ્રસંગ કરવો હોય વગેરે માટે શુભ દિવસની રાહ જોવામાં આવે છે. જેથી તો લોકો શુભકાર્ય પણ શુભ ચોઘડીયા અને શુભ દિવસના શુકનિયાળ મુહૂર્ત જોવરાવાની આપણી પરંપરા રહેલી છે ત્યારે આપણા શાસ્ત્રોમાં અમુક દિવસોમાં મુહૂર્ત જોવરાવાની કોઈ જરૂર રહેતી નથી જે દિવસ જ શુભ ગણવામાં આવે છે. તે રીતે અક્ષય તૃતિયા દિવસ પણ શુભ ગણાય છે. જે આજના દિવસે જિલ્લાભરમાં અનેક શુભકાર્યો કરવામાં આવશે. સાથે ખેડૂત વર્ગ પણ અખાત્રીજના હળાંતરા કરી નવી સીઝન નો પ્રારંભ પણ કરતા હોય છે. અખાત્રીજનો દિવસ ભગવાન પરશુરામની જયંતિ તરીકે પણ ઉજવવામાં આવે છે.

રોટરી કલબ ડીસાનાં સહયોગથી વિના મૂલ્યે વિકલાંગતા નિદાન તથા સાધન સહાય કેમ્પ

ડીસા

ભારત સરકારના ન્યાય અને અધિકારીના વિભાગ અનુદાનીત શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ પાટણ સંચાલિત તથા રોટરી કલબ ડીસાનાં સહયોગથી તા.૨૧/૪/૧૮ ને શનિવારનાં રોજ વર્ધમાન જૈન વિહાર ધામ, ભીલડી હાઈવે, ધાનેરા ચાર રસ્તા ડીસા ખાતે વિકલાંગ વ્યક્તિઓ માટે નિદાન અને જરૂરી સાધન સહાયનો કેમ્પ રાખવામાં આવેલ છે. તો જરૂરીયાત મંદ વ્યક્તિઓએ લાભ લેવા માટે રોટરી કલબ પ્રમુખ નટુભાઈ પટેલ દ્વારા અપીલ કરવામાં આવે છે. આ કેમ્પમાં દિવ્યાંગ વ્યક્તિઓનું નિદાન કર્યા બાદ જરૂરીયાતવાળા દિવ્યાંગોને ટ્રાય સિકલ, વ્હીલચેર, જયપુરી ફૂડ કેલીપર્સ, બગલ ઘોડી, વોકર સ્ટીક વગેરે સાધનો વિના મૂલ્યે આપવામાં આવશે. તથા વિકલાંગ વ્યક્તિઓને જમવાની વ્યવસ્થા રોટરી કલબ ડીસા તરફથી કરવામાં આવેલ છે.

વડગામ મામલતદારની અધ્યક્ષતામાં તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઇ

પુષ્કર ગૌસ્વામી

ઘાસચારો-પિવાનું પાણી-પ્રિમોન્સુન તૈયારી વગેરે પ્રશ્નોની ચર્ચા કરાઈ

તા.પ્રતિ. વડગામ

વડગામ ખાતે તા.૧૭ મી એપ્રિલ ૨૦૧૮, મંગળવાર બપોરે મામલતદાર આર.એમ. ચાવડાની અધ્યક્ષતામાં તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ગત બેઠકના વિકાસલક્ષી પ્રશ્નોને બહાલી આપવામાં આવી હતી. તા. વિકાસ અધિકારી એ.એચ. પરમાર, સહિત માર્ગ યોજના પંચાયત પેટા વિભાગ, પાણી પુરવઠા, સિંચાઈ,

અનુસંધાન પાના નં.૬

૨૦૦૦ રૂપિયાની ૬ લાખ ૭૦ હજાર કરોડની નોટ

નવીદિલ્હી

આર્થિક મામલાઓના સચિવ એસસી ગર્ગે આજે કહ્યું હતું કે, સ્થાનિક મેનેજમેન્ટ સાથે સંબંધિત આ સમસ્યા છે. દેશમાં ૪૦૦૦ કરન્સી ચેસ્ટ છે. ત્યાં જ પૈસા આવે છે અને મુકવામાં આવે છે ત્યાંથી જ અન્ય જગ્યા પર મોકલવામાં આવે છે જેથી દરેક ચેસ્ટની મોનિટરી થઇ રહી છે જે ચેસ્ટમાં કેશની કમી થઇ રહી છે તે વિસ્તારમાં જ પુરતા નાણા પહોંચાડવામાં આવી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, નોટબંધીના સમયે ૧૭.૫૦ લાખ કરોડ રૂપિયાના નોટ સરક્યુલેશનમાં હતા પરંતુ હવે ૧૮ લાખ કરોડ રૂપિયાની નોટ સરક્યુલેશનમાં છે જે જરૂર કરતા વધારે છે. એક પ્રશ્નના જવાબમાં ગર્ગે કહ્યું હતું કે, ૨૦૦૦ રૂપિયાની નોટની કમી આવી છે.

અનુસંધાન પાના નં.૬

બેંકિંગ સિસ્ટમથી હવે પ્રજાનો ભરોસો ઉઠી ગયો છે : ધાનાણી

અમદાવાદ

ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ આજે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, ભાજપના શાસનમાં લોકશાહીનો મૃત્યુઘંટ વાગી ગયો છે. તાનાશાહીનો ઉદય થઇ ગયો છે. ચૂંટણી જીતવામાં ભાજપ સફળ છે પરંતુ સરકાર ચલાવવામાં નિષ્ફળ છે. સરકારના અમુક લોકોએ નાણાની કૃત્રિમ અછત ઉભી કરી છે. બેંકિંગ સિસ્ટમ પરથી પ્રજાનો ભરોસો ઉઠી ગયો છે અને લોકો ડિપોઝિટ ઉપાડવા માંડ્યા છે. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ આજરોજ પત્રકાર તથા મિડિયાના મિત્રોને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભા વર્ષોથી આપણી સાક્ષી રહી છે. લોકશાહીના પ્રતિ સમા વિધાનસભામાં પ્રજાના પ્રશ્નો માટેના ચર્ચાના દિવસો અને સમય ઘટતો ગયો છે. ચર્ચાનું સ્તર ઉતરતું ગયું છે. પ્રશ્નો પુછવાના દાયરાને પણ સમય અને વિસ્તારની દ્રષ્ટિએ સિમિત કરવાનો પ્રયાસ થયો છે. વિધાનસભાની કાર્યવાહીમાં પણ સરકારી આંકડાઓની વિશ્વસનીયતા ઉપર શંકા ઊી થાય એવી સ્થિતિનું નિર્માણ થયું છે અને સાચી વાતો લોકો સુધી પહોંચાડવાની મહત્વની ભૂમિકા ભજવતા મિડિયા ઉપર સીધી કે આડકતરીરીતે નિયંત્રણ લાદવાનો પ્રયાસ સત્તામાં બેઠેલા ભાજપે કર્યો છે. આજે લોકસભાની અંદર સામાન્ય માણસોના જવાબ નહીં દેવામાંથી દૂર ભાગતી ભાજપ સરકાર ઉપવાસ આંદોલનના નાટક કરે છે અને આવા અહંકારી કાર્યક્રમોને કારણે તમામ સ્તરે લોકોની અપેક્ષાઓનું યોગ્ય અમલીકરણ કરવામાં પણ ભાજપ સરકાર નિષ્ફળ નિવડી છે. અધિકાર માટે સતત ઝઝૂમતો સામાન્ય માણસ સરકારથી હારી થાકીને ન્યાયના દરવાજા ખટખટાવે તો ન્યાયપાલિકા ઉપર પણ અહંકારી શાસકોના કાર્યક્રમોને કારણે ન્યાયની પ્રક્રિયામાં સંદેહ ઉભા થાય એવી સ્થિતિનો આજે સમગ્ર દેશ સામનો કરી રહ્યો છે. તાનાશાહી શાસન વ્યવસ્થામાં સામાન્ય માણસની લાચાર સ્થિતિનો ગેરલાભ લઈ અને શાસકો દ્વારા ભ્રષ્ટાચાર કરનારાઓને પ્રોત્સાહન આપવામાં આળે છે. આજે રાજ્ય સહિત સમગ્ર દેશમાં મહિલાઓ સુરક્ષિત છે, યુવાનો બેરોજગાર છે. વિદ્યાર્થીઓ મોંઘીદાટ ફીનો માર ખાઈ રહ્યા છે.

અનુસંધાન પાના નં.૬

કેશલેશ એટીએમ મશીન બન્યા વેદનાના વિતરણ કેન્દ્રો

ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠામાં લગ્નસરાની સીઝનના પ્રારંભે જ રોકડ નાણાંની અછત સર્જાતાં જીલ્લાવાસીઓ પરેશાન થઈ ઉઠ્યા છે.સમગ્ર રાજયમાં બેંક અને એટીએમ મશીન ખાલીખમ થઈ જતાં લોકોને જરૂરિયાત મુજબ નાણાં મળતાં નથી. બનાસકાંઠામાં પણ એક સોથી વધું એટીએમ ખાલીખમ જોવા મળી રહ્યાં છે. બનાસકાંઠાના ૧૪ તાલુકા મથક અને અન્ય વેપારી સેન્ટરો પર કાર્યરત ૧૦૦ જેટલા એટીએમ મશીન વિવિધ બેંકો દ્વારા મુકાયેલા છે પરંતુ હાલ મોટા ભાગનાં એટીએમનાં શટર પડેલાં જોવા મળી રહ્યાં છે. અનુસંધાન પાના નં.૬

હાઉસિંગ બોર્ડના પરિવારોને મકાન માલિકી હક્ક અપાશે

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા આજે ગુજરાત હાઉસીગ બોર્ડ અને સ્લમ સેલના એક લાખથી વધુ પરિવારોને આવાસ માલિકી હક્ક પ્રાપ્ત થાય તે માટે ખૂબ જ મહત્વપૂર્ણ પ્રજાભિમુખ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીના આ નિર્ણયને પગલે અમદાવાદ શહેર સહિત રાજયભરના હાઉસીંગ બોર્ડ અને સ્લમ સેલના રહીશો અને પરિવારોમાં ખુશી અને ઉત્સાહની લાગણી પ્રસરી ગઇ છે, તેઓએ મુખ્યમંત્રીના નિર્ણયને વધાવી તેમનો આભાર માન્યો હતો. બીજીબાજુ, રાજય સરકારના આ હકારાત્મક અભિગમને પગલે ગુજરાત હાઉસીગ બોર્ડની આવકમાં વૃધ્ધિ થતાં નવા આયોજનોને પણ વેગ મળશે. મુખ્યમંત્રી દ્વારા જાહેર કરાયેલા નિર્ણય અનુસાર, હાઉસીંગ બોર્ડ

અનુસંધાન પાના નં.૬

ઉમરા સંઘમાં મુમુક્ષુ ભવ્યકુમારના દીક્ષા મહોત્સવનો પ્રારંભ

પૂજ્ય ગુરૂ ભગવંતોનો ભવ્ય પ્રવેશ થયો

વસંત બારોટ

સુરત

શ્રી ઉમરા જૈન શ્વે મૂર્તિપૂજક તપાગચ્છ સંઘના ઉપક્રમે જુનાડીસા નિવાસી શારદાબેન પ્રવીણભાઈ શાહ, દિપેશભાઈ પ્રવીણભાઈ શાહ આયોજિત મુમુક્ષુ ભવ્યકુમારના ત્રિદિવસીય મહોત્સવમાં પહેલા દિવસે નિશ્રાદાતા પૂજ્ય દીક્ષા દાનેશ્વરી આ.ભ. શ્રીગુણરત્નસૂરીજી, આ.શ્રી પુણ્યરત્નસૂરીજી, આ.શ્રી યશોરત્નસૂરિજી આ.શ્રી રવિરત્નસૂરીજી, દીક્ષા માર્ગદર્શક આ.શ્રી રશ્મિરત્નસૂરીજી, આ.શ્રી મુનિશુરત્નસૂરિજી, પં. સંયમરત્ન વિ. મુનિ.હંસબોધિ વિ. આદિ ૩૦૦ થી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતોનું ભવ્ય સામૈયુ શ્રી અઠવાલાઈન્સ લાલબંગલા દેરાસરથી શરૂ થયું. ૧૦૮ બેનો મસ્તક પર કળશ ધારણ કરેલ. સૂરિ પ્રેમ ભુવનભાનુ જિતેન્દ્ર પરમપથ ઉદ્યાનનું ઉદ્‌ઘાટન કરતી મુમુક્ષુના નિવાસ સ્થાને ચતુર્વિધ સંઘ સાથે પૂજ્ય આ.ભ.શ્રી પગલા કરેલ. બપોરે પરમપથ ઉદ્યાનમાં કપડા રંગવાનું છાબ ભરવાનું મુહુર્ત થયેલ. હાથ બનાવટની સંયમ ફરારી છાબ તરીકે આકર્ષણનું કેન્દ્ર બનેલ. રાત્રે ''ફ્લેશ બેક જર્ની ઈસ્ટ ઔર વેસ્ટ સંયમ ઈસ બેસ્ટ'' બુધવારે બાહુબલી થીમ ઉપર ભવ્ય વરસીદાનયાત્રા. રાત્રે ભવ્ય વિદાય સમારંભ બે હજાર વર્ષ પહેલાના ગામડાની થીમમાં (પધારો મ્હારે દેશ) અને ગુરૂવારે જ્ઞાતવન ખંડની થીમમાં ભવ્ય દીક્ષા યોજાશે.

તંત્રી સ્થાનેથી ...

વિદ્વાન વ્યક્તિઓની સંગતથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

સરકારી સ્તરે થતી ગેરરીતિની તટસ્થ તપાસ થવી જરૂરી

દેશ સમક્ષ વધતા ગંભીર પડકારોને નિવારવા જે તે તંત્ર દ્વારા કાર્યદક્ષ અને પ્રામાણિકતા નહિં જળવાય તો આગામી સમયમાં પરિસ્થિતિ ગંભીર બનવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. દેશમાં ઘરેલુ હિંસા અને દહેજની માગણી સંદર્ભે જે બનાવો બને છે. તેને ગંભીરતાથી ઉકેલવાના પ્રયત્નો કરવા જોઈએ. જ્યારે કોઈ પણ વ્યક્તિને સત્તામાં પામેલા અધિકારોનું ઉલ્લંઘન થવું જોઈએ નહિં.

દેશમાં આજે ન્યાયાધિશોની ઘણી જગ્યા ખાલી પડી છે જે વર્ષોથી ભરાતી નથી. અદાલતમાં પડેલા પડતર કેસોનો નિકાલ થતો નથી. તેની પાછળનું કારણ શું? દેશની મોટાભાગની જેલોમાં એટલા બધા કેદીઓ છે કે તેઓને જેલોની અંદર સુવાની જગ્યા પણ મળતી નથી. આ બાબતે સરકારે તદ્દન નવી વ્યુહરચના ઘડવી જોઈએ. ક્યારેક જેલ અધિકારીની નિષ્ક્રિયતાના પરિણામે જેલની અંદરથી મોબાઈલ પકડી પાડવામાં આવે છે, આ બધું કોના ઈશારે ચાલતું હશે. વર્ષોથી આ સમસ્યાને નિવારવા સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે, ન્યાય કરવાના ઉદ્દેશથી ન્યાયતંત્ર પોતાની સત્તામાં વધારો કરે છે. ત્યારે ઘણાને ચિંતા થાય છે કે આવો અભિગમ બંધારણીય નથી. અને તેના કારણે ન્યાયતંત્રની સ્વાયત્તના અને આખરી નિર્ણય કરવાના અધિકારને લુણો લાગે છે.

દેશ સમક્ષ જે જટિલ સમસ્યાઓ છે અને ગંભીર પડકારો છે ત્યારે મજબુત, તટસ્થ અને કાર્યદક્ષ, પ્રમાણિક, સંવેદનશીલ તેમજ નિષ્ઠાવાન વહીવટીતંત્ર નહિં હોય તો પરિસ્થિતિ કદાપી સુધરશે નહિં. સુશાસનના વાયદા કે દાવા કેટલા પોકળ છે. તેનો સામાન્ય નાગરિકને રોજેરોજ અનુભવ થયા કરે છે.

વહીવટીતંત્રમાં વિલંબ, ગેરરીતિ, ઉચાપત, સગાવાદ, ઉપેક્ષા અને અણઆવડતના કિસ્સાઓ એટલી હદે વધ્યા છે કે નાગરિકોને હવે તેની નવાઈ લાગતી નથી. મસમોટુ વેતન હોવા છતાં પાંચ- પચ્ચીસ હજારની ઉચાપત કરનારા અધિકારીઓને નોકરીમાંથી કાયમી માટે સસ્પેન્ડ કરવાના આદેશો આપવા જરૂરી છે.

વર્તમાન સંજોગોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના દેવામાં વધારો જોવા મળે છે, દરેક રાજ્ય સરકારને વિકાસ યોજનાઓ માટે નાણાંની વિશેષ જરૂર રહેતી હોય છે, આજે તો લગભગ કેન્દ્ર અને રાજ્ય સરકારોના માથે વાર્ષિક બજેટ જેટલું દેવું થાય તેમાં વાંધો નહિં તેવી અર્થશાસ્ત્રીઓની સલાહ આજે શંકાસ્પદ જણાય છે.

કેટલાક રાજ્યોમાં વિકાસ માટે કરોડોની ગ્રાન્ટો કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતી હોય છે. પરંતુ તે નાણામાંથી કેટલા વિકાસના કામો થયા અને કઈ જગ્યાએ થયા તે બાબતની તપાસ જોઈએ તેવી થતી નથી. લોકોની બૂમરાડો ઉઠે ત્યારે જ સરકાર ઊંઘમાંથી જાગૃત થાય છે અને તપાસ ચલાવવાના આદેશો વહેતા કરવામાં આવતા હોય છે.

બીજી તરફ વ્યાપક બેરોજગારીના કારણે આપણે દેશ સુકાઘાસની ગંજી પર બેઠો છે, કોઈપણ નાના તણખો દાવાનળનું નિમિત્ત બની શકે છે.

આજે સરકારમાં સરભરા, સમારંભો, મીટીંગો પ્રવાસોમાં કરકસર કરવામાં આવે તો ઘણી બધી બચત કરી શકાય તેમ છે, અગાઉ સરકારી નાણાં વાપરવામાં જે ચીવટ રખાતી તેવી ચીવડ રાખવામાં આવે તો સરકારો ચોક્કસ દેવામુક્ત બની શકે, દેશનું આર્થિક સ્વાસ્થ્ય ખરેખર જો સુધારવું હોય મોંઘવારીનું નિયંત્રણ કરવું હોય અને 'અચ્છે દિન' લાવવા હોય તો આગામી ૧૦ વર્ષ સુધી કોઈ સરકારોએ જાહેર દેવું ન કરવું જોઈએ.

દીકરી

એમબ્યુલેન્સ, હોસ્પિટલ વેન્ટીલેશન ડૉક્ટર, નર્સ, કમ્પાઉન્ડર આ બધાની વચ્ચે સ્વજનોની ભીની ભીની નજરોની સામે બધું જલ્દીથી સમેટાઈ ગયું હતું. આટલું જલ્દી આવું દુષ્પરીણામ આવશે એવો અંદાજ કોઈને ન હતો. છ-સાત દિવસ હોસ્પિટલમાં ગાળ્યા ન ગાળ્યા કે વાત્સલ્યથી ભરેલા પિતાનું અવસાન થઈ ગયું હતું આમ તો છેલ્લા વીસ વર્ષથી પિતાના શરીરમાં ડાયાબીટીસ ના રાત્રે ઘર કર્યું હતું ડાયાબીટીસ એ હદે વકર્યો હતો કે શરીર ના બીજા મહત્ત્વના આંતરીક અવયવો પણ નુકશાન પામ્યા હતા. આ બધાનો મતલબ કે આ રોગોની અસરતળે સાવ આવી જવા છતાં પણ પિતા જીવનના અંત સુધી ઝઝૂમ્યા હતા. છેવટે સુધી પિતાજી નોકરી કરી હતી. નોકરીમાં દોઢ વર્ષ બાકી રહ્યું ને પિતાજીની લીલા સાવ સમેટાઈ ગઈ હતી.

ઉનાળાનો ધોમધખતો તડકો કૈં કેટલાંયે ઝાંઝવા ને જન્મ આપતો હતો ડગલે ને પગલે મૃગજળ રેલાતું હતું ને વાતસલ્ય ભરેલ પિતાના અવસાનને એક મહીનો વીત્યો હતો ત્યારે અઠ્ઠાવીસ વર્ષીય પૂર્વી પિતાનું વાત્સલ્ય યાદ આવતાં તેને પ્રબળ કારૂણ્યની અનુભૂતિ થઈ રહી હતી. પૂર્વી પોતાની મમ્મીની પાસે બેઠી-બેઠી પિતાને યાદ કરતી રહી. પિતાના અવાસાનને એક મહીનો પુરો થયો હતો ને તેથી બધાં સ્વજનો પોતાના ઘેર ચાલ્યાં ગયા હતાં બધી જ લૌકીક ક્રિયાઓ પુરી થઈ ગઈ હતી. પોતાનો સગો ભાઈ પણ વિલાયત ચાલ્યો ગયો હતો. પૂર્વી વિચારી રહી કે હવે મારે પણ મારા સાસરે જવું પડશે ને મારી મમ્મી સાવ એકલી પડી જશે. મમ્મી આ ઘરની આ એકલતા ને કેવી રીતે સહન કરી શકાશે ? પૂર્વીની વિચારધારા આગળ ચાલતી રહી સ્મરણોમાં જાણે કે દિવગત પિતાના માનસીક દર્શન થતાં રહ્યા કચવાતે મને તેણે ઘરનું કબાટ ખોલ્યું જૂનાં-નવાં આલ્બમ કાઢ્યા. આલ્બમના ફોટાઓને નિહાળવા લાગી. પવનના સસવાટથી અર્ધ ખુલ્યું કબાટનું બારણું કીચૂડ-કીચૂડ જેવો દુઃખ ભર્યો અવાજ કાઢી વાતવરણને ભારેખમ બનાવી રહ્યું.

આલ્બમમાં જાત જાતના ફોટાઓ હતા. પોતાના નાનપણમાં પિતા સાથે પડાવેલ ફોટો, નાનપણમાં બન્ને હાથે ઉઠાવી લેતા પિતા, ખુરશીમાં ખોળામાં બેસાડીને વહાલની અનુભૂતિ કરાવતા પિતા, બગીચામાં હળવું મલકીને બેઠેલ પિતા, શારિરીક રીતે તકલીફો વેઠવા છતાંયે પરાણે મલકાઈને બેઠેલા પિતા, પોતાના લગ્નમાં સાફો બાંધીને બેઠેલા પિતા, પોતાના લગ્નમાં વિદાય વેળાએ પોતાને ભેટીને રડી રહેલા પિતાને રડતા રડતા ભારે મને પોતાના માથા ઉપર હાથ મુકીને સ્વસ્થ થવા મથતા પિતા પોતાના નાનપણથી માંડીને લગ્ન સુધીના તમામ પિતા સાથે પડાવેલા ફોટાઓ જોઈને પૂર્વીનું હૃદય જાણે કે સાવ વલોવાઈ ગયું. તેને મોકળા મને રડવાની ઈચ્છા થઈ આવી પણ તે રડી ન શકી ને યંત્રવત ઉભી થઈને કબાટ પાસે ઉભી રહી કબાટ ખોલી ભારે હૈયે તેણે આલ્બમ મુક્યું.આલ્બમ મુકતાં મુકતાં જાણે કે કોઈ મોટો શ્રમ કર્યો હોય એમ અનુભવી રહી. બહારથી ગરમ-ગરમ હવા તેના તનને મનને દઝાવતી લાગી. ખાલીયાની એક જોરદાર અનુભૂતી તેને ઉનાળાની ગરમ હવા જેવી લાગી રહી.

સમીર બારોટ
(ચંડીસર)

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

દીકરીને કેન્સરનું નામ સાંભળતાં જ મા- બાપ ગભરાઈ ગયાં. તેર વર્ષની સ્કૂલે જતી છોકરીને હાડકાંને કેન્સર કેવી રીતે થતું હશે?

વારાહીમાં સાર્વજનિક ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ આઠમાં અભ્યાસ કરતી શારદા નામની તેર વર્ષની દીકરી સ્કૂલથી ઘેર આવીને દફતર ખભેથી ઉતારે અને ખભો દબાવે. રડવા માંડે. એની માતા જશી પૂછે- 'શું થાય સે તને?'

શારદા ખભો બતાવે. અહીં દુઃખે છે. કદાચ દફતર ટીંગાડવાથી થતું હશે એવું પહેલું અનુમાન કર્યુ. દફતર બીજા ખભે લગાવે તોય ખભો દુઃખવાનું તો ચાલુ જ રહ્યું. સ્થાનિક ડૉક્ટરને બતાવવા ગયા. તેમણે ઊલટ તપાસ શરૂ કરી. ખભે કાંઈ વાગ્યું હતું? પડી ગઈ હતી? ભલે ભણતર ભાર વગરનું હોય; પણ છોકરાંનાં દફતર જ એટલાં ભારવાળાં છે કે ખભાનો દુઃખાવો થાય. અથવા મસલ્સનો દુઃખાવો પણ હોઈ શકે. એવું પ્રાથમિક નિદાન થયું ને દુઃખાવાની ગોળીઓ આપી. છ આઠ મહિના સુધી આ ક્રમ ચાલ્યો. દુઃખાવો મટે પાછો થાય.

શારદાના પિતા ચંદુભાઈ ઠાકોર વારાહીમાં છૂટક મજૂરીને ગુજરાન ચલાવે. બહુ આવક નહીં.દીકરીનો દુઃખાવો મટે નહીં, એટલે તેઓ વારાહીની પાસે આવેલ રાધનપુરમાં ડૉક્ટરને બતાવવા ગયા. ડૉક્ટરે તપાસ કરી. આઠેક મહિનાથી દવા ચાલે છે, એ પણ જોયું. એમને આખો કેસ એબનોર્મલ લાગ્યો. એટલે તેમણે કહ્યું. પાટણમાં ઓર્થોપેડિક ડૉક્ટરને બતાવો? ચંદુભાઈ શારદાને લઈને પાટણ ઓર્થોપેડિક ડૉક્ટર પાસે ગયા. પાટણના ડૉક્ટર વિમલ ગાંધીએ આ દીકરીનો એક્સરે પાડ્યો અને નિદાન કર્યુ કે આ દીકરીને બોર્ન કેન્સર છે. પહેલાં તો ચંદુભાઈ સમજ્યા જ નહીં. બોર્ન એટલે શું? ડૉક્ટરે સમજાવ્યું કે હાડકાનું કેન્સર છે. દીકરીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવી પડશે. કેન્સરનું નામ સાંભળતાં જ મા- બાપ ગભરાઈ ગયાં. હવે શું કરવું? ચંદુભાઈ પાસે તો એવી કોઈ જોગવાઈ જ ન હતી. તેઓ પોતાના પાડોસમાં રહેતા રસુલખાનભાઈ પાસે આવ્યા. રસુલખાનભાઈ મલેક સેવાભાવી માણસ. એમના અબ્બજાન રહેમતખાન મલેકે વારાહી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે વર્ષો સુધી સેવા બજાવી હતી. તેઓ આ વિસ્તારના જાણીતા રાજકીય આગેવાન હતા. પિતાને પગલે- પગલે રસુલખાનભાઈ પણ દુઃખીઓને સહારો બને. ચંદુભાઈ ઠાકોરે જ્યારે બધી વાત કરી ત્યારે રસુલખાનભાઈએ તેમને આશ્વાસન આપ્યું કે- ગભરાશો નહીં. તમારી દીકરીને હું અમદાવાદ લઈ જઈશ. સરકાર દ્વારા ગરીબો માટે અનેક તબીબી સારવાર યોજનાઓ છે. તેમાં આ દીકરીને માટે સહયોગ મળી શકે. તેમણે કોલીવાડા પી.એચ.સી. કેન્દ્રને આની જાણ કરી. આમ તો સાંતલપુર તાલુકાનું મુખ્ય મથક વારાહી છે. પણ તેનું પી.એચ.સી. કેન્દ્ર કોલીવાડા. કોલીવાડા પી.એચ.સી. કેન્દ્રનાં આર.બી.એસ.કે. અધિકારી ડૉ.ભારતીબહેન ગોસ્વામી પોતાની ટીમ લઈને તુરત જ વારાહી આવ્યાં. તેમણે શારદાની તપાસ કરીને માર્ગદર્શન આપ્યું કે શાળા આરોગ્ય- રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય અંતર્ગત આ બાલિકાની મફત સારવાર થશે. ચંદુભાઈ પાસે અંત્યોદય કાર્ડ પણ હતું. કોલીવાડા પી.એચ.સી. સેન્ટર તરફથી બાલિકાને કેન્સર માટે સારવારનું સર્ટિફિકેટ મળ્યું. વારાહીનો જિલ્લો પાટણ. સિવિલમાં દાખલ થવા માટે જિલ્લા આરોગ્ય અધિકારનું સર્ટી પણ મેળવવું પડે. પાટણના આરોગ્ય અધિકારીએ સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગમાં દીકરીને તાત્કાલિક સારવાર મળે તે માટે ભલામણ પત્ર પણ લખી આપ્યો. પરંતુ અમદાવાદ સિવિલ કેન્સર હોસ્પિટલમાં તો દર્દીઓના ઢગલા હોય છે. તાત્કાલિક નંબર લાગવો મુશ્કેલ. કેન્સર હજુ પહેલા સ્ટેઈજમાં હતો જો એ આગળ વધે તો...? એને તાત્કાલિક સહાય મળવી જોઈએ. એમ વિચારીને રસુલખાનભાઈએ અમદાવાદના કેન્સરના ખાનગી નિષ્ણાત ડૉક્ટર ચિરાગ દેસાઈને બતાવવાનું નક્કી કર્યુ. રસુલખાનભાઈ પોતાની ગાડીમાં શારદાને લઈને વેદાંત રિસર્ચ સેન્ટરના તબીબ ચિરાગ દેસાઈ પાસે ગયા. તેમણે ડૉક્ટરને કહ્યું, 'તમે આને સિવિલમાં લઈ જાઓ.'

'પણ સાહેબ, સિવીલમાં તો લાઈનો છે. નંબર ક્યારે આવે?'

'ખાનગી ખર્ચ કરી શકશો?'

'એના પિતા તો ગટર સાફ કરે છે. પણ એક-બે લાખનો ખર્ચ થતાં ય જો દીકરી સારી થતી હોય તો અમે જોગવાઈ કરશું' રસુલખાનભાઈએ મક્કમ સાદે કહ્યું.

ડૉક્ટર ખૂબ પરગજુ સ્વભાવના છે. તેમણે કહ્યું, 'હું ભલામણ ચિઠ્ઠી લખી આપું છું. સિવિલમાં દાખલ કરશે. એટલું જ નહીં; હું જ સિવિલમાં કેન્સર વિભાગમાં આવું છું. હું એની તાત્કાલિક સારવાર થાય તેવી વ્યવસ્થા ગોઠવીશ.'

શારદાને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી. ડૉ.ચિરાગ દેસાઈએ તાત્કાલિક સારવાર શરૂ કરી. ધીમે ધીમે એનું સ્વાસ્થ્ય સુધરવા લાગ્યું. એ પછી તો કિમોથેરાપી માટે દીકરીને વારંવાર અમદાવાદ સિવિલમાં લઈ જવી પડે. જવા-આવવાનો ખર્ચ. જ્યાં સુધી અમદાવાદ રહે ત્યાં સુધી મજૂરી થાય નહીં. ઘર કેમ ચલાવવું? રસુલખાનભાઈ તો મદદ કરતા જ હતા. વારાહીના સંગીત અને સાહિત્યના વ્યાસંગી ગાયક કલાકાર નટુભાઈ આચાર્ય આવા કોઈ દુઃખીઓને જુએ તો એમની વહારે આવે. ડાબો હાથ પણ ના જાણે એમ જમણો હાથ મદદ કરી આવે તેવા. ગુપ્ત રીતે કેટલાય લોકોને એમણે મદદ પહોંચાડી છે. તેમને આ સમાચાર મળતાં જ તેમણે પણ મદદ કરી. કીમોથેરાપીને કારણે ધીમે ધીમે શારદાની તબિયત સુધરવા લાગી. અત્યારે તે સ્વસ્થ છે. સરકારની ગરીબલક્ષી અનેક યોજનાઓ છે. પરંતુ તેની જાણકારીના અભાવે તેનો લાભ મેળવી શકાતો નથી. આવાં કાર્ય કરનારને ખરેખર અભિનંદન આપવા જોઈએ. તેમનો મોબાઈલ નંબર છે- ૯૯૭૯૭ ૪૭૭૮૯. આજે જ્યારે સમાજમાંથી ડેડીકેટેડ વ્યક્તિઓ ઓછા થતા જાય છે; ત્યારે થોડાક આવાં સમર્પિત કાર્ય કરનારને અમે આ લેખ દ્વારા સમાજ સમક્ષ મૂકી રહ્યા છીએ.

- કનુભાઈ આચાર્ય

દિશા પટણીએ લગ્નસરા માટે હેર કલર પર ટિપ્સ આપી

લગ્નના આમંત્રણ આવવાનું શરૂ થયું છે અને તેથી આ લગ્નસરામાં શ્રેષ્ઠ દેખાવાની ઉત્સુકતા અને રોમાંચ ચરમસીમાએ છે. તે અનુકૂળ પોશાબ અને ઝવેરાત માટે આપણી પાસે ભરપૂર વિકલ્પો છે ત્યારે શ્રેષ્ઠ દેખાવા અને અન્ય પાસાંઓ વિશે વિચાર કરવાનો સમય આવી ગયો છે. તમારે સુંદર અને મનોહર દેખાવા માટે તમારો સંપૂર્ણ દેખાવ બદલવા માટે યોગ્ય મેક-અપ અને હેર કલરની જરૂર છે. જો તમે હજુ પણ મૂંઝવણમાં હહોય તો તે દૂર કરો, કારણ કે ગાર્નિયર કલરર નેચરલસની એમ્બેસેડર દિશા પટણી હેર કલર તમારા દેખાવનો મહત્ત્વપૂર્ણ ભાગ શા માટે છે તે સમજાવે છે.

ઈન્ડિયાએ હેમંત બ્રિજવાસીને રાઈઝિંગ સ્ટાર ૨ ના વિજેતા તરીકે ઘોષિત કર્યો

HEMANT BRIJV

લાખો હૈયાંને સ્પર્શી જતા સિંગિંગ વડે લાખો દર્શકોને વિસ્મિત કર્યા પછી, કલર્સ ટીવી પર રાઈઝિંગ સ્ટાર ૨ એ બીજી સીઝનના સફળ સમાપન સાથે હેમંત બ્રિજવાસીને વિજેતાનું બિરૂદ જીતતા અને INR 20 લાખના ચેક સાથે જતાં જોયો. તમામ અવરોધો પર જીત મેળવતાં અને જીતવા માટે ભારે મથામણ કરતાં રોહનપ્રીત સિંઘ અને વિશ્ણુમાયા અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે આવ્યાં.

કલર્સના રાઈઝિંગ સ્ટાર ૨ની જીત પર રોમાંચિત હેમંત બ્રિજવાસીએ જણાવ્યું, "જીત પર હું સ્તબ્ધ છું. રાઈઝિંગ સ્ટાર ૨ના આ ચૂંબકીય પ્લેટોર્મ પર ઉતારવા બદલ હું કલર્સ તથા ઓપ્ટિમિસ્ટિકસ એન્ટરટેનમેન્ટ, ત્રણેવ નિષ્ણાંતો જેમણે મને માર્ગદર્શન આપ્યું મને મારા શમણાંને સાકાર કરવામાં માનતો કર્યો નો મને આભાર માનું છું, એક નાનકડા નગરના છોકારા/ છોકરીઓ પણ મને જાણતા થઇ ગયાં છે. લાખો દર્શકો જેમણે મને પ્રેમ, ટેકો અને મારા માટે વોટ આપ્યાં, તેઓનો આભાર માનવા મારી પાસે શબ્દો નથી તમે સૌએ મારા પર વરસાવ્યું તેનાથી મારું હૈયું ગદગદ છે."

તલાક, તલાક, તલાક...ગલત, ગલત, ગલત!!!

ઈશ્ક સુભાન અલ્લાહના મુખ્ય પાત્ર ઝારા સિદકીના દ્રષ્ટિકોણને આગળ ધરતા, ઝી ટીવીએ એક અલગ ગલત ગલત ગલત કેમ્પેઈન શરૂ કર્યું છે, જે ત્રિપલ તલાકના સામે એક મજબુત સંદેશ આપે છે

'તલાક, તલાક, તલાક'. આ ત્રણ શબ્દોએ રાષ્ટ્રને હચમચાવી નાખ્યો છે. ગલત, ગલત, ગલત. આ ત્રણ શબ્દ પાછલા હજારો વર્ષથી ચાલી આવતી હજારો વર્ષ જૂની બિનજરૂરી પ્રથાની સામે પ્રશ્ન કરે છે. જાતિય સમાનતાનો એક મજબુત સંદેશો પતી અને મુસ્લિમ મહિલાઓને પણ તેમના લગ્નને જો છૂટાછેડા સુધી પહોંચે તો, તેમને પણ એટલું જ કહેવાનો હક માંગે છે, ઝી ટીવીની રજૂ થયેલો શો ઈશ્ક સુભાન અલ્લાહ, એ શો ફક્ત ત્રિપલ તલાક પર જ નજર કરતો શો નથી પરંતુ એક જ ધર્મને અલગ- અલગ દ્રષ્ટિકોણથઈ જોવાની બાબત પર પણ પ્રકાશ ફેંકે છે. શોને અત્યંત જબરદસ્ત ઓપનિંગ મળ્યું છે અને તેને દર્શકોનું ધ્યાન ખેંચ્યું છે, ઈશ્ક સુભાન અલ્લાહએ તેની અગ્રણી મહિલા- યુવા ઝારા સિદકીને એક તક આપી છે કે, તે તેના મંતવ્યનો અવાજ ઉઠાવે- એક ટીવી શોના પાત્ર તરીકે જ નહીં, પરંતુ એક વ્યક્તિ તરીકે, યુટ્યુબ ચેનલની સાથે તેનો પોતાનો અવાજ ઉઠાવી શકે, ત્રિપલ તલાક સિસ્ટમના અન્યાય વિશે તેમની વિનંતીઓ અંગે ધ્યાન પણ આપવામાં આવે. ઝી ટીવીએ રજૂ કર્યો છે, "ગલત, ગલત, ગલત," એક માર્કેટિંગ કેમ્પેઈન જેમાં સમગ્ર દેશમાંથી ઈસ્લામની ખોટી માન્યતા અંગે ચર્ચા કરવામાં આવશે, ત્રિપલ તલાકનો ગેરઉપયોગ અને દર્શકોને ધર્મ અંગેની તેમની માન્યતાને ફરીથી ચકાસવા માટે વિનંતી કરવામાં આવી છે અને તેઓ જે રીતે સમજે છે તે રીતે ધર્મને સમજીને તેમના જીવનમાં લાગુ કરવા માટે સમજદારી લાવે. આ કેમ્પેઈનએ ઝારાના ધર્મ ૨.૦ની શોધનું પ્રતિબિંબ છે- જ્યાં આપણે ધર્મ આપણને એવું શિક્ષણ આપશે કે જેનાથી આપણે આપણા જીવનમાં આગળ વધીએ અને વિકાસ કરી શકીએ.

ઝી એક્શન પ્રસારિત કરે છે, સુપરસ્ટાર રજનિકાંત અને સોનાક્ષી સિંહાની 'લિંગા' ૨૧મી એપ્રિલ, સાંજે ૮ વાગ્યે

ગ્રામવાસીઓ માટે ડેમ બનાવવામાં તેના દાદાએ ભજવેલી ભૂમિકા વિશે જાણ્યા બાદ, એક નાનો ચોર લિંગા, સુધારણા અને ભ્રષ્ટ મંત્રીથી બચવા માટે પોતાની જાતને તૈયાર કરે છે. કે એસ રવિકુમાર દ્વારા ડિરેક્ટ અને સુપરસ્ટાર રજનીકાંત, સોનાક્ષી સિંહા અને અનુષ્કા શેટ્ટી મુખ્ય પાત્ર તરીકે અભિનિત લિંગાએ ખરેખર રજનીકાંત સ્ટાઈલનું એક્શન મૂવી છે. ઝી એક્શન- ઈન્ડિયાસ વનસ્ટોપ ડેસ્ટિનેશન ફોર એક્શ મૂવી પર તેની શનિવાર ફાઈટ ક્લબ પ્રસ્તાવના હેઠળ શનિવાર ૨૧મી એપ્રિલના રોજ સાંજે ૮ વાગ્યે રજૂ થશે.

ભારતની કૃષિ-ટેકનોલોજી અને બીજ કંપનીઓ "એલાયન્સ ફોર એગ્રી ઈનોવેશન(એએઆઈ)" માટે સાથે આવી

રસી સીડ્સ, શ્રીરામ બાયોસીડ, બેયર બાયોસાયન્સ, ડૉ. એગ્રો સાયન્સ, ડ્યુપોન્ટ પાયોનિયર, મહિકો, મેટાહેલિક્સ, મોંસાંટો અને સિંજેંટા સાથે ભારતની મુખ્ય બીજ અને કૃષિ ટેકનોલોજી કંપનીઓએ આજે 'એલાયન્સ ફોર એગ્રી ઈનોવેશન (એએઆઈ)' ના લોન્ચની ઘોષણા કરી. આ એક ઔદ્યોગિક એકમ છે, જે ભારતીય ખેડૂતો માટે ફાયદાકારક નવા ઉપરાંત વિકસિત થતી કૃષિ ટેકનોલોજીને વધારો આપશે. એલાયન્સ ફોર એગ્રીકલ્ચર ઈનોવેશનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડૉ. શિવેન્દ્ર બજાજે કહ્યું, "અડધાથી વધારે જનસંખ્યા ખેડૂતો પર નિર્ભર છે અને ૨૦૨૨ સુધી ખેડૂતોની ઈન્કમ બેગણી કરવાના સરકારના લક્ષ્યની સાથે કૃષિ સેક્ટરને ટેકનોલોજી દ્વારા નિર્માણ કરવામાં આવેલાં અવસરોનો લાભ ઉઠાવાની આવશ્યકતા છે. અમારા લોકો ઉદ્યોગ વ્યાપી સંગઠનનું નિર્માણ કરવા માટે એકત્રિત થયાં છે કેમકે બીજ ટેકનોલોજીમાં ઈનોવેશન્સને વધારો આપી શકાય. આ ઈનોવેશન્સમાં બાયો ટેકનોલોજી તથા અન્ય પ્લાન્ટ બ્રીડિંગ ટેકનોલોજી સામેલ છે. અમે સમાજના બધા વર્ગોની સાથે કામ કરીશું કેમકે એક એવું સકારાત્મક વાતાવરણનું નિર્માણ કરી શકાય, જે કૃષિ આધારિત અર્થવ્યવસ્થાના વિકાસ માટે કૃષિ ટેકનોલોજીના ફાયદા લોકો સુધી પહોંચાડીશું"

નવી બત્તી ગુલ મીટર ચાલુ ફિલ્મને લઇ ભારે સસ્પેન્સ

મુંબઇ

લાંબા સમયથી નારાયણ સિંહની આગામી ફિલ્મ બત્તી ગુલ મીટર ચાલુ ફિલ્મની રજૂઆતની તારીખને લઇને ભારે દુવિધાભરી સ્થિતિ છે. કારણકે ફિલ્મનુ શુટિંગ લાંબા સમયથી ચાલી રહ્યુ છે. ફિલ્મમાં શાહીદ અને શ્રદ્ધા કપુર કામ કરી રહ્યા છે.

ડીપીએસ,ગાંધીનગરના ઉપક્રમે શહેરમાં તા. ૧૬ થી ૧૮ સુધી સમાવેશી શિક્ષણ અંગે સંમેલન

અમદાવાદ

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા ડીપીએસ સોસાયટીના નેજા હેઠળ તા. ૧૬થી ૧૮ એપ્રિલ, ૨૦૧૮ સુધી કોર્ટયાર્ડ બાય મેરિયોટ્ટ ખાતે સમાવેશી શિક્ષણ અંગે એક આંતરરાષ્ટ્રિય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં ડેલીગેટસ, વિદેશના મહાનુભવો, પ્રિન્સિપાલ્સ અને વેસ્ટર્ન ઝોનની ડીપીએસ સ્કૂલના કાઉન્સેલર્સની સાથે સાથે અમદાવાદની પ્રસિધ્ધ શૈક્ષણિક સંસ્થાઓના મહાનુભવાએ હાજરી આપી હતી. આ કોન્ફરન્સનો ઉદ્દેશ વિશિષ્ઠ (special) બાળકો અંગે જાગૃતિ તથા તેમનો મુખ્ય પ્રવાહમાં સ્વિકાર અંગેનો છે. માનવંતા મહેમાનોમાં સીઈએમ, ડીપીએસ સોસાયટીનાં ડિરેકટર અને I/C, HRDC નાં ડિરેકટર, ડો. વિનીતા ખેર, ડિરેકટર એજ્યુકેશન ટેકનોલોજી અન્ડ મેનેજમેન્ટ એકેડમી પ્રો. મર્મર મુખોપાધ્યાય, એડેલ્ફી યુનિવર્સિટી, ન્યુયોર્ક યુએસએના સ્પેશ્યલ એજ્યુકેશનના પ્રો.મર્મર મુખોપાધ્યાય, ગોવન હાઈ લેંગવેજ એન્ડ કોમ્યુનિકેશન રિસઓર્સ(ગોવન હાઈસ્કૂલનું ઓટિઝમ યુનિટ)ના હેડ શ્રી વિન્સેન્ટ મોકમોહન, પ્રાંગણ(સેન્ટર ફોર ચિલ્ડ્રન વીથ સ્પેશ્યલ એજ્યુકેશન નીડઝ), વડોદરા નાં હેડ રાધા ટંડન, ડીપીએસ, ગાંધીનગરના મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી અપૂર્વ ગોએન્કા અને ડીપીએસ ગાંધીનગરના પ્રો. વાઈસ ચેરમેન શ્રી રમેશ ગોએન્કાનો સમાવેશ થતો હતો.

BRITZO એ ની રજૂ કર્યો 'મેક ઈન ઈન્ડિયા' મોબાઈલ ફોન બ્રાન્ડ ઈવ્વો; ફિચર અને સ્માર્ટફોનની કિંમત ૬૪૯ અને ૫,૯૯૯ વચ્ચે છે

IVVO SMART DEVICES
KAMYABI KI RAFTAAR
INNOVATION
IVVO

ગ્રામ્ય ડિજિટાઈઝેશનને ઉત્પ્રેરક કરવા માટે મહત્વપૂર્ણ પગલાં તરીકે, BRITZO એ ભારતમાં સ્માર્ટ સ્માર્ટફોન બ્રાન્ડ 'ઈવ્વો' ને લોન્ચ કરી છે. ઈવ્વો દ્વારા આઠ સ્માર્ટ રજી ફિચર ફોનના રોલઆઉટ દ્વારા બ્રાન્ડ લોન્ચ કરવામાં આવ્યું છે, જે પાંચ પ્રોડક્ટ વર્ગોમાં વિભાજિત છે, એટલે કે બીટ્ઝ, પ્રાઈમો, સેલ્ફી, ટફ અને વોલ્ટ. સ્માર્ટફોન શ્રેણી 'સ્ટોર્મ' સાથે સંકળાયેલા બે એન્ડ્રોઈડ ગો ૪જી સ્માર્ટફોન સાથે કંપની તેનો પ્રથમ ૪જી ફીચર ફોન 'સ્કીપર' લોન્ચ કરશે. લોન્ચ કરાયેલા તમામ પ્રોડક્ટ્સ રૂ. ૬૪૯ થી રૂ. ૫,૯૯૯ ના વચ્ચે હશે અને ગ્રામ્ય વસ્તીને ધ્યાનમાં રાખીને અતિ મહાન લક્ષણો – બહુભાષી સમર્થન સહિત, ફીચર ફોન-આધારિત વોટ્સએપ અને વાઈ-ફાઈ ટિથરિંગ, ફેસ રિકોગ્નિશન, શેટરપ્રૂફ સ્માર્ટફોન સ્ક્રીન્સ ઉપલબ્ધ છે. પ્રારંભિક પ્રોડક્ટ રોલઆઉટના ભાગરૂપે, ત્રણ સ્માર્ટ ફીચર ફોન પ્રોડક્ટ કેટેગરી બીટ્ઝ હેઠળ શરૂ કરવામાં આવ્યા છે, જે પૈકી દરેક બે પ્રાઈમો હેઠળ, એક-એક ટફ, વોલ્ટ અને સેલ્ફી કેટેગરી હેઠળ છે.

પાલવના પડછાયા
નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...

ગરમીમાં તાજગી આપતુ તરબૂચનું શરબત

સામગ્રી - ૫ ગલાસ શરબત બનાવવા માટે : - તરબૂચ ૨ થી ૨.૫ કિગ્રા., લીબુ-૧, બરફ ના ક્યુબ્સ ૧ કપ

બનાવવાની રીત - તરબૂચનું શરબત બનાવવા માટે સૌ પહેલાં તરબૂચ ધોઈને કાપી લો અને પછી તેના લીલા ભાગને કાપી નાખો. લાલ ભાગના નાના નાના ટુકડા કરી મિકસરમાં ફેરવી લો થોડા સમય પછી તરબૂચનો ગુદો અને રસ મિક્સ થઈ જાય ત્યારે તેને ગરણીથી ગાળી લો.

આ રસ માં લીબુ નિચોડી સારી રીતે મિક્સ કરો અને ગ્લાસમાં નાખી જોઈએ એટલો બરફ નાખી દો એના ઉપર તમે ઈચ્છા અનુસાર ફૂદીનાના એક બે પાંદડાંથી સજાવી પણ શકો છો. આ શરબતમાં તમે ખાંડ પણ નાખી શકો છો. પણ ખાંડ નાખવાથી આ જ્યુસનો નેચરલ સ્વાદ નહી માણી શકો.

આજે પણ કંપનીમાં મહિલા અસુરક્ષિત..!!
બદલાતા સમયની નાદુરસ્ત પ્રણાલી

નારી ચેતના

મહિલાઓ માટે દેશના માર્ગો જો સલામત ન હોય તો ઑફિસોની વાત જ શું કરવી? વક્તા તો એ છે કે મહિલાઓની જાતીય સતામણીની બાબતમાં ઑફિસોને સૌથી 'સલામત' જગ્યા માનવામાં આવે છે! જે આપણા કાયદાના રખેવાળો અને સમાજની કમનસીબી છે. ઑફિસ કે નોકરી-ધંધાના અન્ય સ્થળોએ મહિલાઓ હજીય પોતાને સુરક્ષિત સમજતી નથી તે બદલાતા સમયની તંદુરસ્ત પ્રણાલિ નથી.

સરકારે સેક્સ્યુઅલ હૅરેસમેન્ટ ઑફ વિમેન ઍટ વર્ક પ્લેસ (પ્રિવેન્શન, પ્રોહિબિશન ઍન્ડ રિડ્રેસલ ઍક્ટ ૨૦૧૩) ઘડ્યો ત્યાર પછી પણ મહિલાઓની જાતીય સતામણી, માનસિક ત્રાસ, અભદ્ર ભાષાપ્રયોગ અણછાજતા સ્પર્શ જેવી ઘટનાઓમાં ઘટાડો નહીં, પણ ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

મોટાભાગના કિસ્સાઓ મહિલાઓ ફરિયાદ કરવાનું ટાળતી હોવાનું કારણ સ્પષ્ટ છે. તેમની આર્થિક જરૂરિયાત. ઘણી વાર મહિલાઓ ત્રાસી જઈને નોકરી બદલી નાખવાનું પસંદ કરતી હોય છે, પરંતુ ફરિયાદ કરીને વાત આગળ વધારવા માગતી નથી.

મહિલાઓની સલામતી સુરક્ષા માટે કડક કાયદો ઘડાયો હોવા છતાં કંપનીઓ કે મલ્ટિનેશનલ કંપનીઓ એને ઘોળીને પી ગઈ હોય એવા પણ આંકડાઓ છે. આ બાબત વધુ ભયાનક છે. વાડ ખુદ ચીભડાં ગળે એવું થયું. કંપનીઓએ મહિલાઓની જાતીય સતામણી ન થાય એવું વાતાવરણ સર્જવું એ એમની નૈતિક ફરજ છે.

વર્તમાન પરિસ્થિતિ જોતા કદાચ બ્રિટિશ એવેનિંગ એલુમની ઈન્ડિયાના ગુજરાત ચેપ્ટરે કંપનીઓને આ મુદ્દે સંવેદનશીલ કરવા તેમ જ કર્મચારીઓમાં જાગૃતિ લાવવાના પ્રયાસમાં સેક્સ્યુઅલ ઍબ્યુઝ ફ્રી એન્વાયર્નમેન્ટ 'સેફ' સર્ટિફિકેશન પ્રોગ્રામ શરૂ કર્યો છે. ગુજરાતમાં મંડાયેલું આ પગલું આવકાર્ય છે.

કંપનીઓની મહિલાઓની સુરક્ષા બાબતમાં પ્રતિષ્ઠા સારી-સ્વચ્છ હશે તો વધુને વધુ મહિલાઓમાં નોકરીઓ કરવાનો વિશ્વાસ વધશે, તેમની પ્રગતિ થશે અને સમાજ વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને કંપનીઓ પણ પ્રતિભાશાળી મહિલાઓને આકર્ષી શકશે.

દસથી વધુ કર્મચારીઓ ધરાવતી કંપની 'સેફ' સર્ટિફિકેશન માટે તેનું નામ રજિસ્ટર કરાવી શકે છે. જોકે કાયદા હેઠળ કંપનીએ કેટલી શરતોનું પાલન કરવું આવશ્યક છે.

સમાજની જાણીતી-પ્રતિષ્ઠિત હસ્તીઓનો સમાવેશ કરતી 'સેફ' કમિટી કંપનીઓની અરજીઓની ચકાસણી કરશે, ઈન્ટરવ્યૂ લેશે, કંપનીઓની ઓચિંતી મુલાકાત લઈને માહોલ જોશે અને ત્યાર બાદ સર્ટિફિકેટ ઈશ્યુ કરશે. હાલ ગુજરાતમાં શરૂ થયેલા આ પ્રોગ્રામને સમયાંતરે દેશના અન્ય શહેરોમાં પણ લઈ જવાનું પગલું પણ ઉત્તમ રહેશે, કેમ કે એનો ઉદ્દેશ જાગૃતિ લાવવાનો છે અને જાગૃતિ જેટલી ઝડપથી આવે એટલી સમાજના ઉજ્જવળ ભાવિની સંભાવના વધુ.

ગુજરાતમાં પણ કંપનીઓની આબરૂ બહુ સારી નથી. મોટા ભાગની કંપનીઓ કાયદાને સુસંગત રહીને કામ કરતી નથી અને ઈન્ટરનલ કમ્પ્લેઈન્ટ્સ કમિટી સ્થાપવાનું ટાળે છે. ગુજરાતમાં છેલ્લાં એક વર્ષમાં જાતીય સતામણીઓની ટકાવારીમાં ૫૯ ટકાનો વધારો નોંધાયો છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

લેટનાઇટ પાર્ટી કલ્ચર
અને ઇન્ડિયન પરિવાર

બાળ ઉછેર

છાપાઓમાં વારંવાર એવા સમાચારો આવે છે કે લેટ નાઈટથી પાછા ફરેલા યુવકનું રોડ અકસ્માતમાં મોત થયું અથવા નશામાં ફૂટપાથ પર સૂતેલા લોકો પર ગાડી ચઢાવી દીધી. મારપીટ, અપહરણ, બળાત્કાર કે હત્યાના ઘણા કેસોના મૂળ આવી લેટ નાઈટ પાર્ટીઓમાં જ હોય છે

લેટ નાઈટ પાર્ટીઓ અને મસ્તી યુવાનોનોને ખૂબ ગમે છે. જેમ જેમ રાત વધુ થાય છે તેમ તેમ યુવા વર્ગ વધુ ને વધુ ખીલે છે. તેઓ તેમના મમ્મી-પપ્પાને ખરાબ લાગે છે કે સારૃ તે નથી વિચારતા પરંતુ યુવાનો તો આ શોખને વળગી જ રહે છે. સવાલ એ છે કે આવી યુવા પેઢી સાથે માતા-પિતા કેવી રીતે તાલમેલ બેસાડે, કેમ કે આવી પરિસ્થિતિમાં તેમને રોકવા તે પણ મુશ્કેલી પેદા કરી શકે તેમ છે. તેઓ તેમના સંતાનોને કંઇ કહેવા જાય તો સંતાનો તેમને જૂના જમાનાના શું કરવું તે જ માતા-પિતાને ખબર નથી પડતી.

છાપાઓમાં વારંવાર એવા સમાચારો આવે છે કે લેટ નાઈટથી પાછા ફરેલા યુવકનું રોડ અકસ્માત થયો અથવા નશામાં ફૂટપાથ પર સૂતેલ લોકો પર ગાડી ચઢાવી દીધી. આવા સમાચારો આપણે ખૂબ વાંચતા હોય છે. મારપીટ, અપહરણ, બળાત્કાર કે હત્યાના ઘણા કેસોના મૂળમાં આવી લેટ નાઈટ પાર્ટીઓ થતી જ રહે છે આના ઘણા કારણો છે. મનો વૈજ્ઞાનિકો મુજબ રાતનું મનોવિજ્ઞાન સ્વભાવિક મિત્રવર્તુળ વગેરે કોઇનું પણ ટેન્શન તે સમયે નથી હોતું રાત પૂરી રીતે પતાવવી હોય છે, ફુલ મસ્તીનું વાતાવરણ હોય છે તેથી યુવાવર્ગને રાત ગમે છે. દિવસમાં કોઇ અને કોઇ પ્રકારનું કામ કે જવાબદારી મગજમાં સવાર રહે છે. જો વિદ્યાર્થી હોય તો ભણવાની તલવાર લટકતી હોય છે. નોકરીકર્તા હોય તો બોસનું ટેન્શન, જયારે રાત આ પ્રકારના તનાવથી મુકત હોય છે તેથી યુવા વર્ગ આને મન ભરી માણી શકે છે. રાત્રે રસ્તાઓ પર ભીડ નથી હોતી. અને ચારે તરફ સૂમસાન હોય છે, તેથી યુવાનોને રાત ગમે છે.

પરંતુ માતા-પિતાને જેમ જેમ રાત વધે તેમ તેમ ચિંતા વધતી હોય છે. આજ કારણે જ ફક્ત એવા ઘરોમાં નહી જયાં બાળકો રાત્રે ફરી નથી શકતાં પરંતુ એવા ઘરોમાં પણ તનાવ હોય છે જયાં આ પ્રકારની રાત્રે ફરવાની આઝાદી આપવામાં આવે છે. આનું સૌથી મોટું કારણ એ છે કે માતા-પિતા પોતાના બાળકોની આઝાદીને લઈને હંમેશા અસમંજસની પરિસ્થિતિમાં રહે છે. તે દુનિયાની પ્રગતિ જોઇને બાળકોને આઝાદી પણ આપવા માંગે છે તો બીજી તરફ તેઓ અસુરક્ષિતાના માહોલને કારણે બાળકને આઝાદી નથી આપવા માંગતો પરિણામ એ આવે છે કે તેઓ પોતે પણ કન્ફયુઝ થઇ જાય છે. જો પોતાના સંતાનનો આવવાનો ટાઇમ રાતના અગિયાર કે બાર વાગ્યા સુધીનો છે તો તેઓ બહુ ખાસ ચિંતા નથી કરતાં પરંતુ જો તેઓ રાત્રે ત્રણ કે ચાર વાગે આવે તો ગુસ્સાથી લાલચોળ થઇ જાય છે. વાસ્તવમાં માતા-પિતાના આવા વર્તનથી બાળકો પણ કન્ફયુઝ થઇ જતાં હોય છે. તેઓને પણ એ ખબર નથી પડતી કે માતા-પિતા તેમને આઝાદી આપવા માંગે છે કે નહી આ દુવિધા બંન્નેને તનાવ-ગ્રસ્ત કરે છે. કાઉન્સીલર રૃપાનું માનવું છે કે બાળકોને રાત્રે બહાર નીકળવાની અનુમતી આપવી જોઈએ કે ન આપવી

અનુસંધાન પાના નં.૬ ઉપર

રસથાળ

કાચી કેરીનું શાક

સામગ્રી - કેરી-૨૫૦ ગ્રામ, ખાંડ કે ગોળ ૨૦૦ ૧૦૦ ગ્રામ, જીરુ, આખા ધાણા, મરચુ એક ચમચી, મીઠુ સ્વાદ મુજબ.

બનાવવાની રીત - સૌ પ્રથમ કેરીને છોલીને તેના લાંબા ટુકડા કરો, હવે કઢાઈમાં તેલ ગરમ કરી તેમાં જીરુ અને આખા ધાણાને અધકચરા વાટીને નાખો, ચપટી હળદર, મરચુ નાખીને તરત જ સમારેલી કેરી નાખી દો. કેરીના શાકમાં મીઠુ નાખી હલાવો, તેમાં ખાંડ કે ગોળ નાખી અડધો ગ્લાસ પાણી નાખીને ૧૫-૨૦ મિનિટ સુધી સીઝવા દો. કેરી બફાય જાય અને ખાંડ સારી રીતે ઓગળી જાય ત્યારે શાક ઉતારી લો. આ શાક બે ઢેબરા કે પુરી સાથે સર્વ કરો.

(ગળપણ કેરીની ખટાઈ પ્રમાણે નાખવુ)

દુધીના ઢેબરા

સામગ્રીઃ ૭૫૦ ગ્રામ બાજરીનો લોટ, ૩ વાટકી દુધીનું છીણ, ૩ લીલા મરચા, ૧/૨ વાટકી કોથમીર, ૩ ચમચા તલ, ૨ ચમચી લાલ મરચું, ૨ ચમચી હળદર, ૩ ચમચી ધાણાજીરું, મીઠું, ૨ વાટકી ખાટી છાસ,, ૩ ચમચી લસણ, લાલ મરચા પાઉડરની પેસ્ટ, તેલ

રીતઃ સૌ પ્રથમ એક બાઉલમાં એક વાટકી છાસ લઈ તેમાં લસણની પેસ્ટ મિક્ષ કરવી. હવે એક મોટા વાસણમાં લોટ લઈ તેમાં તેલ અને છાસ સિવાયની બધી સામગ્રી ઉમેરવી. તેમાં છાસમાં મિક્ષ કરેલ લસણ મરચું ઉમેરવું અને બીજી છાસ હળવે હળવે ઉમેરતા જવું અને મિક્ષ કરતા જવું. લોટ સોફ્ટ રાખવાનો. હવે તેલ ગરમ કરવા મૂકી હાથ તેલ વાળો કરી નાના નાના ઢેબરા થેપી લેવા. મીડીયમ તાપે ગોલ્ડન તળી લેવા. અથવા તેને ભાખરીની જેમ વણીને તવા પર સેકી લો ચા, દહીની ચટણી અથવા સોસ જોડે સારા લાગે છે. તૈયાર છે દુધીના ઢેબરા.

મેથીના ગોટા

સામગ્રી- ૫૦૦ ગ્રામ મેથીની ભાજી, ૨૫૦ ગ્રામ ચણાનો લોટ, આદુ , ૫૦ ગ્રામ ઘઉંનો દરદરો લોટ, સ્વાદપ્રમાણે મીઠું, ૫-૭ લીલા મરચા મરચું,૧/૨ચમચી હળદર,૧/૨ચમચી ધાણાં, અડધી વાટકી દહી, તેલ તળવા માટે.

રીત - મેથીની ભાજીને સાફ કરી સમારી પાણીથી ત્રણ-ચાર વખત ધોઈને બધું પાણી કાઢી લો. ચણાના લોટમાં ઘઉંનો કરકરો લોટ નાંખી એક ચમચો તેલ નાંખો. મેથીની ભાજી, આદુ મરચાં વાટીને નાંખો, ધાણાં, મીઠું, મરચું, હળદર, દહી નાંખી ખીરૂ તૈયાર કરો. એક કડાહીમાં તેલ ગરમ કરો . એક ચમચી ગરમ તેલ ખીરામાં નાંખી હલાવી ગોળ ગોટા તળો. ગરમ ગરમ ગોટા લીલી ચટણી સાથે સર્વ કરો. ઘણાં જ સ્વાદિષ્ટ લાગે છે.

મારી ધારીણી ધારા...

આગ ભીતર ભીતરની **રેણુ વિષ્ણુકુમાર બારોટ**

મારી પુત્રી ધારિણીના ક્લીનીકનું ઉદ્દ્ઘાટન હતું. સવારે સાડા આઠનો સમય રાખ્યો હતો. પૂજા કરનારા પુજારી તથા અન્ય માણસોને એ અંગે ધારિણી એ સૂચનાઓ આપી દીધી હતી. એણે કહ્યું હતું એ બધાને કે ક્યાંય કશી કચાશ મારે ન જોઈએ. આખરે મારા ડોક્ટર મિત્રો આવવાના છે. શક્ય છે એમના પરિવાર સાથે હોય. ધારિણીના આદેશની સામે સૌએ જી કહીને માથું નમાવ્યું હતું. સામે વળી કહ્યું હતું... 'સાહેબા જી... થઈ જશે... તમો કોઈ વાતની ચિંતા કરશો નહી. આપના આગમન પૂર્વે બધું ગોઠવાઈ જશે. એ બધી જવાબદારી અમારી. આખરે અમે આપના ત્યાં નોકરી કરીએ છીએ...' ધારિણીએ એ દિવસો સૌને આદેશો કર્યા ત્યારે હું એની પાસે ઊભી હતી. મારું હૈયું જાણે કહેતું હતું આ છોકરી તો જો ડોક્ટર થઈ ગઈ એટલે કેવો કડબ ધરાવે છે... જાણે સૌને હથેળી પર રાખે છે... હું વિચારોમાં હતી. ત્યારે મને ય થયું કે લાવ હું પણ પૂછું કે... મારા લાયક કોઈ આદેશ હોય તો કહે...

અને મેં કહ્યું 'ધારા'... ભલે એનું નામ ધારિણી હતું. પણ છેક નાનપણથી જ હું એને ધારા કહેતી.

'બોલ મા...'

મારી ધારિણી ભણી ગણીને ડોક્ટર જેવું ઉચ્ચ સ્થાન મેળવી ચુકી હતી. તોય મને જયારે બોલાવતી ત્યારે 'મા' કહેતી. મેં એને ઘણીવાર એ બાબતો ટપારી હતી... 'તું ભણેલી ગણેલી ડોક્ટર બનવાના રહે જી રહી છે અને મને 'મા' કહીને દેશી જેવી નથી લગતી?'

મારો સવાલ સાંભળી સીધી જ મને ગળે વળગીને સામે સવાલ કરતી 'તું મારી મા નથી... બોલ...'

મારી આંખે ઝળઝળિયાં આવી જતા. દીવાલ પરના સુખડના હારવાળા કાચમાં મઢાયેલા મારા અકસ્માતમાં અકાળ મોતની ચાદર તાણીને સુઈ ગયેલા પતિ ભણી એક નજર જતી. મનપ્રદેશની ભૂમિમાંથી કંપન આવતું તમારી-મારી ધારા ડોક્ટર બનશે પણ તમે નહિ હોવ...

ધારિણી ડોક્ટર બની ચુકી હતી એના ક્લીનીકનું...

'મા કેટલી વાર' એણે સવારના સાડા સાત વાગે મને પૂછ્યું – જોકે એ તૈયાર હતી.

'બસ સાડી પહેરું એટલી વાર'

'ઝટ કર'

'હા'

'મા આજે રડતું મોં રાખવાનું નથી. મને ખબર છે તું ખુબ રડી છે પણ હવે નહી... એક આંસુ પણ નહી...'

'જી'

મેં ફટાફટ સાડી બદલી દીધી. માથામાં રહેલા થોડાક વાળ બાંધી દીધા. સ્લીપર પહેરવા ગઈ. ધારિણી એ રોકી. નવા ચંપલ પહેરવા જણાવ્યું. આંગળીથી ઈશારો કર્યો અને બાદમાં ગાડીમાં બેસી ગયા અને જોતજોતામાં ગાડી સોસાયટીના મુખ્ય દરવાજા પરના ટ્રાફિકના ટ્રેકમાં આવી ગઈ.

દોડતી ગાડી દરમિયાન મારી નજર ડ્રાઈવિંગ કરી રહેલી ધારિણી તરફ જતી હતી. એના રૂપાળા હાથ... બ્લેક બેલ્ટ વળી ઘડિયાળ રંગેલા નખ... મોંઘી સાડી... એમાંથી છુટતી ખુશ્બુ... કોરા વાળની વિખરાઈ જતી લટો... આંખે ચડાવેલા રંગીન ચશ્મા...

ધારિણીને જોઈ રહી હતી. આ એજ મારી ધારા હતી જેના માટે મે... છેક મારા ઊંડાસ્તરમાં ડૂબેલા ડુસકાને બહાર કાઢવા ગઈ પણ... ધારિણીએ મારી સામે જોયું. મેં આછું સ્મિત આપ્યું.

'યસ માં...' અડધુ અંગ્રેજી અને અડધુ દેશી ગુજરાતી 'આવુ હસી જઈશ તો જ મને ગમશે સમજી.'

'જી'

ગાડી સડસડાટ દોડતી હતી. મન કહેતું હતું ' જો તમે અકાળ મોતની પછેડીને ઓઢી ગયા ન હોત તો આજે આપણે બેય પાછળની સીટે બેઠા હોત... કદાચ ધારીણીએ તમોને પાસે ને મને પાછળ બેસાડી હોત.

ગાડી ચાર રસ્તે ગાડી વળી.

કોર્પોરેશન, બેંક, ઝૂ, ચર્ચ... બસ ટર્મિનલ કોંગ્રેસ હાઉસ... વિનાયક મંદિર બધું ફટાફટ પસાર થવા લાગ્યું. ગાડી બરાબર દોડતી હતી... પછીની કેટલીક મીનીટમાં અમે કલીનીક સામે આવી ઊભા. ધારિણીએ એક તરફ ગાડી પાર્ક કરી. 'ચલ મા.'

અમે કલીનીકમાં આવ્યા. પુજાવિધિનો પ્રારંભ થયો. મહારાજ શ્લોકો બોલતા હતા.

અનુસંધાન પાના નં.૬ ઉપર

લોકોમાં સુધારો આવ્યો છે, શિક્ષણ વધ્યું છે પણ કંઈક ખૂટે છે તે શું છે ?

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

સંસ્કાર ઘડતરની વાત આવે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં વસતાં અને કૃષિ વ્યવસાય કરતા એવા અદના માનવીઓમાં પડેલ માનવતાની જે સંસ્કાર મૂકી છે તે કઈ રીતે બહાર આવે છે તેનું ઉત્તમ ઉદાહરણ જોવું હોય તો તેમના જીવન પ્રસંગો અને ઘટનાઓ ડોકીયું કરી જોવું જોઈએ. ખુબ જ મહેનતુ અને પરિશ્રમી એવા લોકોમાં પડેત માટીની મહેંકની પામવા માટે તેમની નજીક જવું પડે અને તેમને પોતાના સંસ્કારોની આ મુડી સમાજ સમક્ષ પ્રસ્તુત કરવા ઉશ્કેરવા પડે.

આવું કામ ક્યારેક અનાયાસે થઈ જાય ત્યારે તેનાં જે સુંદર પરિમઆમો આપણી સમક્ષ પ્રસ્તુત થાય છે ત્યારે અહોભાવ પ્રગટ થયા વિના રહેતા નથી અને તે આલેખનાર ખુદ કહે છે કે આમાં જ જીવનનું નર્યું નિદાન છે. ગામડાના ખેડૂતો આવા નિદાનમાં ભારે માહેર હતા કાર્લ માર્કસ જેની વાત કરે છે તે તો આપણા જીવનમાં જ હતી. આજે લોકોમાં સુધારો આવ્યો છે. શિક્ષણ વધ્યું છે પણ કંઈક ખૂટે છે. તેની શંકા લેખકને છે. તે શું છે ?

આ ખૂટતી કડીને જોડી આપવાનું કામ લેખકે જીવનના પ્રસંગોને રેખા ચિત્રો રૂપે આલેખીને કર્યું છે તેવા એક સુંદર મજાના નાનકડાં, રૂપકડાં પુસ્તકની વાત આજે મારે તમને કરવી છે.

'આગેન' શિર્ષક વાળા પુસ્તકમાંથી પસાર થતાં કુલ-૧૩ જેટલાં સુંદર રેખાચિત્રો આપણને મળે છે. જે દરેક પ્રસંગોને લેખકે પોતાની આગવી શૈલીથી જીવંત બનાવ્યા-જે પ્રયત્ન કર્યો છે. તેમાં તે સફળ રહ્યા છે અને તેને વાંચનાર વાચકને લાગ્યા વિના રહેતું નથી. રેખા ચિત્રોમાં દરિદ્ર, ચોંઘાસી, દીકરી, કમુ, પ્રાયશ્ચિત, તર્પણ, સળગી ગયેલા સંબંધો મારૂ દેહદાન, પાપી,વમળ, પ્રેમ અને જન્મ દિવસ જેવાં શિર્ષકો આપણને મળે છે.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં નર્યું નીતર્યું ગંગાજળ' કહીને રેખાચિત્રોની ઓળખ આપનાર આપણા વરિષ્ઠ સાહિત્યકાર ડૉ.કેશુભાઈ દેસાઈ માંગલિક ચિત્રોની મહેફિલ સજાવી બેઠેલા લેખક માટે ખાસ નોંધે છે કે "કોઈ કલ્પનાના ઘોડા દોડાવ્યા વિના જાત અનુભવથી વાતો જ લેખકે અહીં કંડારી છે. નિરાંતે ગોઠડી માંડીને એમની જિંદગીના અણમોલ અનુભવોથી લહાણી કરી છે. અહીં નાના માણસમાં છુપાયેલી મોટાઈની વાતો છે.

અનુસંધાન પાના નં.૬ પર

દરેક આઉટફિટ સાથે પરફેક્ટ મેચિંગ

નારી

ફ્યુઝન જ્વેલરી માનુનીઓની બહુમુર્ખી પ્રતિભાનું પ્રતિબિંબ પાડવાની સાથે એને પ્રભાવશાળી લૂક આપે છે. બ્રાઇડલ જ્વેલરીની ડિઝાઇનમાં પણ આજકાલ ફ્યુઝન જ્વેલરી ઝડપથી લોકપ્રિય થતી જણાઇ છે

પરંપરાગત શૈલીમાં આધુનિકતાના સંગમની ફ્યુઝન જ્વેલરી યુનિક લૂક આપવાની સાથે તે પાશ્ચાત્ય અને ભારતીય એમ બન્ને પરિધાનો સાથે સુંદર લાગે છે. આજે માનુનીઓ એક સાથે અનેક કામોમાં સક્રિય રહે છે. ઘર સંભાળવાની સાથે સાથે તે ઓફિસની જવાબદારીઓનું પણ સરળતાથી વહન કરે છે. આ પ્રકારની મહિલાઓ જ્વેલરી પણ અનોખી ડિઝાઈનની અને આકર્ષક પસંદ કરે છે. જેથી એની બહુમુર્ખી પ્રતિભા વધુ નીખરી ઉઠે. ફ્યુઝન જ્વેલરી માનુનીઓની બહુમુર્ખી પ્રતિભાનું પ્રતિબિંબ પાડવાની સાથે એને પ્રભાવશાળી લૂક આપે છે. બ્રાઈડલ જ્વેલરીની ડિઝાઈનમાં પણ આજકાલ ફ્યુઝન જ્વેલરી ઝડપથી લોકપ્રિય થતી જણાઈ છે. બે અથવા વધારે સ્ટાઈલને મિક્સ મેચ કરીને બનાવવામાં આવતી આ પ્રકારની જ્વેલરી અનોખી તેમજ આકર્ષક લાગે છે.

એક સમય હતો. જ્યારે પરંપરાગત જ્વેલરી ડિઝાઈન માટે સોનાના આભુષણો જ પસંદ કરવામાં આવતા હતા. ત્યાર બાદ કુંદન, અનકટ ડાયમંડ, અન્ય કીમતી એવમ સેમી પ્રેશિયસ સ્ટોનથી તૈયાર કરવામાં આવેલી જડાઉ જ્વેલરીની ફેશનનો ક્રેઝ વધ્યો હતો. ડાયમંડ, પ્રેશસ એવમ સેમી પ્રેશસ સ્ટોન સ્ટડેડ જ્વેલરીને મોડર્ન સ્ટાઈલની જ્વેલરી કહેવામાં આવે છે. હવે આ ત્રણેયનો સંગમ એટલે ફ્યુઝન જ્વેલરી. આ પ્રકારની જ્વેલરી બ્રાઈડની જ્વેલરીને ક્લાસિક અને મોડર્ન બનાવે છે. સેટેલાઈટ કોમ્યુનિકેશનના જમાનામાં જ્યારે આખી દુનિયા એક બીજાના સંપર્કમાં રહી શકે છે. ત્યારે એની સીધી અસર આપણી પસંદગી ઉપર પડે એ સ્વાભાવિક છે. અમેરિકન અને રોમન જેવી પ્રાચિન સભ્યતાઓની ખાસ જ્વેલરીમાં મેકિંગ આર્ટનું ફ્યુઝન યુવતીઓને ખૂબ જ આકર્ષણ ઉત્પન્ન કરી રહ્યું છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

આ ૧૦ વસ્તુઓને પપૈયાની સાથે મિક્સ કરીને લગાવવાથી મળશે ચમકતો ચહેરો

રૂપના રખોપા

પપૈયામાં એક અનોખું એન્જાઈમ પપેન હોય છે જે ત્વચાને પ્રાકૃતિકરીતે એક્સફોલિએટ કરે છે અને કોશિકાઓના વિકાસની ગતિમાં સુધાર લાવે છે

પોતાના ચહેરાની સુંદરતા માટે તમે જો ઘણા પ્રકારના બ્યુટી પ્રોડક્ટ્સ બજારમાંથી લાવીને ઉપયોગ કરો છો અને તે તમને નુકસાન પણ કરે છે તો થોભી જાઓ. તમને આજ જણાવીશું કે પપૈયામાં એક અનોખું એન્જાઈમ, પપેન હોય છે જે ત્વચાને પ્રાકૃતિક રીતે એક્સફોલિએટ કરે છે અને કોશિકાઓના વિકાસની ગતિમાં સુધાર લાવે છે. ત્વચાની કોશિકાઓનું વધવાની ઉચ્ચ માત્રા ના ફક્ત દાગ અને ઓકને ના ધબ્બાને ઝડપથી ભરવામાં મદદ કરે છે. પરંતુ ત્વચામાં કોમળતાની માત્રા પણ યોગ્ય રાખે છે જેનાથી ત્વચાના સ્વાસ્થ્ય અને ગુણવત્તામાં ઘણો નિખાર આવે છે. નીચે ગોરાપણું, એક્ને અને સાફ ત્વચા માટે પપૈયાના શ્રેષ્ઠ ફેસપેક બનાવાની રીત જણાવવામાં આવી છે. ગોરી અને ચમકદાર ત્વચા તમારી ખૂબસુરતીમાં હમેશાં વૃદ્ધિ કરે છે. ગોરાપણા માટે પપૈયાના ફેસપેક સૌથી સારી વાત એ છે કે તે પૂર્ણ રીતે પ્રાકૃતિક હોય છે અંતમાંઃ તેનાથી તમારી ત્વચા પર કોઈ સાઈડ ઈફેક્ટ થતા નથી. તમને અમે જણાવવા જઈ રહ્યાં છીએ કે તમે એક નહી પરંતુ ઘણી વસ્તુઓ સાથે તેનો ઉપયોગ કરી શકો છો.

કહે છે કે જ્યારે દૂધ તાજું અને કાચું હોય છે તો તેમાં પ્રાકૃતિક તત્વ હોય છે. દૂધમાં રહેલા પોષક તત્વ ત્વચાને કોમળતા અને પોષણ પ્રદાન કરવામાં સહાયતા કરે છે. તમે કાચા પપૈયાં અને કાચું ગાયનું દૂધ મિક્સ કરીને ઘરે પપૈયું અને દૂધનું ગોરાપણું પ્રદાન કરનાર ફેસપેક બનાવી શકો છો. જો તમે ગોરાપણું મેળવવા ઈચ્છો છો તો તમારે પપૈયું અને ટામેટાનો ફેસપકે લગાવો. ટામેટામાં લાઈકોપીન હોય છે જે એક પ્રભાવી એન્ટીઓક્સીડેન્ટ છે અને ટેન દૂર કરવાનું માધ્યમ છે. જો તમને ટામેટાથી એલર્જી હોય તો આ પેકનો ઉપયોગ ના કરો.

અનુસંધાન પાના નં.૬ ઉપર